સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 26

[20/06/21 to 26/06/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



આજે જ DOWNLOAD કરો ICE APPLICATION

"ICE CLICKS"

ICE APP
ICE CLICKS
ડાઉનલોડ કરો

Google Play

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**20 JUNE-2021**


- દિવસ મહિમા : જૂન માસનો ત્રીજો રવિવાર, ફાધર્સ ડે, 20 જૂન, વિશ્વ શરણાર્થી દિવસ ..... 02
- ભારતના 'ફ્લાઈંગ શીખ' શ્રી મિલ્ખાસિંહનું નિધન ..... 02
- IN-EUNAVFOR સંયુક્ત નૌકાદળ કવાયત ..... 04
- QUESTION ANSWERS ..... 06


**21 JUNE-2021**


- દિવસ મહિમા : 21 જૂન, (1) વિશ્વ યોગ દિવસ (2) વિશ્વ સંગીત દિવસ (3) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ ..... 07
- શ્રી એન્ટોનિયો ગુટેરેસની ફરી સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ તરીકે નિમણૂક ..... 09
- શ્રી ઈબ્રાહિમ રાયસી (Ebrahim Raisi) ઈરાનના નવા રાષ્ટ્રપતિ બન્યા ..... 10
- QUESTION ANSWERS ..... 11


**22 JUNE-2021**


- ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 ..... 12
- લોરેલ હબર્ડ (Laurel Hubbard) ઓલિમ્પિકમાં ભાગ લેનાર પ્રથમ ટ્રાન્સજેન્ડર ..... 13
- QUESTION ANSWERS ..... 14


**23 JUNE-2021**


- દિવસ મહિમા : 23 જૂન, (1) સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન (2) આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ ..... 15
- 'રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય' રાજસ્થાનનું ચોથું વાઘ અભ્યારણ્ય બન્યું ..... 15
- છેલ્લા 100 વર્ષમાં સૌથી દાન આપનાર વ્યક્તિ : શ્રી જમશેદજી ટાટા ..... 16
- WHO એ સમગ્ર વિશ્વમાં થયેલી આત્મહત્યા અંગેનો રિપોર્ટ બહાર પાડ્યો ..... 17
- QUESTION ANSWERS ..... 18


**24 JUNE-2021**


- દિવસ મહિમા : 24 જૂન, પાસપોર્ટ સેવા દિવસ ..... 19
- 1st ICC World Test Championship 2019-21 માં ન્યૂઝિલેન્ડનો ઐતિહાસિક વિજય ..... 19
- વિશ્વનો પ્રથમ આનુવંશિક રીતે સંશોધિત રબર પ્લાન્ટ ..... 20
- QUESTION ANSWERS ..... 22


**25 JUNE-2021**


- દિવસ મહિમા : 25 જૂન, (1) વિશ્વ પાંડુરોગ દિવસ (2) આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ ..... 23
- જમ્મુ-કાશ્મીરમાં સીમાંકન ..... 23
- ગુજરાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થી કેન્દ્ર ..... 24
- કેરળનો કવલ પ્લસ કાર્યક્રમ ..... 25
- QUESTION ANSWERS ..... 26


**26 JUNE-2021**


- દિવસ મહિમા : 26 જૂન, (1) વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન (2) ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ (3) વિશ્વ રેફ્રિજરેશન દિવસ ..... 27
- DRDO એ પિનાકા રોકેટ (Pinaka Rockets) નું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યુ ..... 27
- ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ : INS વિક્રાંત ..... 28
- ઈઝરાયલમાં એક નવી માનવ પ્રજાતિ મળી ..... 29
- QUESTION ANSWERS ..... 30

ONE LINER ..... 31

QUESTION OF THIS WEEK ..... 36


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : જૂન માસનો ત્રીજો રવિવાર, ફાધર્સ ડે
## 20 જૂન, વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day)

### ફાધર્સ ડે

- સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'ફાધર્સ ડે'ની ઉજવણી જુદા–જુદા દિવસે કરવામાં આવે છે.
- જોકે ભારતમાં દર વર્ષે જૂન માસનો ત્રીજો રવિવાર ફાધર્સ ડે તરીકે ઉજવાય છે.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ 2021માં 20 જૂનના રોજ ફાધર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારત ઉપરાંત કેનેડા, ફ્રાન્સ, જાપાન, અમેરિકા સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં ફાધર્સ ડે જૂન માસના ત્રીજા રવિવારે ઉજવાય છે.

### ભારતમાં કયો દિવસ ક્યારે ઉજવાય છે ?

| ક્રમ | દિવસ | ક્યારે ઉજવાય છે ? |
|---|---|---|
| 1 | Mother's Day | મે માસનો બીજો રવિવાર |
| 2 | Father's Day | જૂન માસનો ત્રીજો રવિવાર |
| 3 | Parent's Day | જુલાઈ માસનો ચોથો રવિવાર |

### વિશ્વ શરણાર્થી દિવસ


સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 જૂનના રોજ 'વિશ્વ શરણાર્થી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શરણાર્થીઓની સ્થિતિ અંગે જાગૃતિ લાવવાનો છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા 4 ડિસેમ્બર, 2000ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2001થી આ દિવસ ઉજવાય છે.
- વર્ષ 2021ની 'વિશ્વ શરણાર્થી દિવસ' અથવા 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની થીમ 'Together We Heal, Learn and Shine' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના 'ફ્લાઈંગ શીખ' શ્રી મિલ્ખાસિંહનું નિધન

ભારતના ફ્લાઈંગ શીખ તરીકે જાણીતા તથા મહાન એથ્લેટિક શ્રી મિલ્ખાસિંહનું 18 જૂન, 2021ના રોજ 91 વર્ષની વયે કોવિડ-19ના કારણે નિધન થયું છે.




- શ્રી મિલ્ખાસિંહ (મિલ્ખા સિંઘ) ભારતમાં અત્યાર સુધીના સૌથી પ્રખ્યાત અને આદરણીય દોડવીર છે.
- નોંધનીય છે કે કોમનવેલ્થ ગેમ્સમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય એથ્લેટિક ખેલાડી છે.

# શ્રી મિલ્ખા સિંહ

- શ્રી મિલ્ખા સિંહનો જન્મ 20 નવેમ્બર, 1929ના રોજ બ્રિટિશ ભારતના પંજાબ પ્રાંતના ગોવિંદપુરા ખાતે થયો હતો.
- શ્રી મિલ્ખા સિંહનો પરિવાર ઘણો મોટો હતો. તેમને 15 ભાઈ બહેન હતા, પરંતુ તેના ભાઈનું બાળપણમાં જ અવસાન થયું હતું.
- ભારતની સ્વતંત્રતા બાદ ભારત–પાકિસ્તાન ભાગલા દરમિયાન થયેલા રમખાણોમાં તેમણે તેમના માતા–પિતા અને ભાઈ–બહેન ગુમાવ્યા હતા.
- રમખાણો બાદ સરકાર દ્વારા ઉભા કરવામાં આવેલા શરણાર્થી શિબિરમાં રોકાયા હતા. ત્યારબાદ ટ્રેન દ્વારા પાકિસ્તાનથી દિલ્હી આવ્યા હતા.
- શ્રી મિલ્ખાસિંહે સૈન્યમાં જોડાવાનું નક્કી કર્યુ હતું. તેમણે સૈન્યમાં જોડાવાના તેમના પ્રયત્નો ચાલુ રાખ્યા હતા.
- અંતે વર્ષ 1952માં તેઓ સેનાની ઈલેકિટ્રકલ મિકેનિકલ એન્જિનિયરિંગ શાખામાં જોડાવામાં સફળ રહ્યા હતા.
- એકવાર સશસ્ત્ર દળના તેમના કોચ હવાલદાર શ્રી ગુરુદેવસિંહે તેમને દોડવાની પ્રેરણા આપી હતી.
- ત્યારથી તેમણે સખત મહેનતથી દોડની પ્રેક્ટિસ શરૂ કરી હતી.
- વર્ષ 1956માં પટિયાલામાં યોજાયેલી રાષ્ટ્રીય રમતો દરમિયાન તે ચર્ચામાં આવ્યા હતા.
- શ્રી મિલ્ખા સિંહે સુશ્રી નિર્મલા કોર સાથે લગ્ન કર્યા હતા. સુશ્રી નિર્મલા કોર ભારતીય વોલિબોલ ટીમના તે સમયના કેપ્ટન હતા.
- તેમણે સૌપ્રથમ વર્ષ 1956માં મેલબોર્ન ઓલિમ્પિક રમતોમાં 200 મીટર અને 400 મીટરમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.
- વર્ષ 1958માં કટક ખાતે ઓયોજિત રાષ્ટ્રીય રમોત્સવમાં 200 અને 400 મીટરની સ્પર્ધામાં રેકોર્ડ બનાવ્યા હતા.
- વર્ષ 1958ની કોમનવેલ્થ ગેમ્સમાં મિલ્ખા સિંહે 400 મીટરની દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જે કોમનવેલ્થ ગેમ્સના એથ્લેટિક્સના ઈતિહાસમાં ભારતનો સૌપ્રથમ ગોલ્ડ મેડલ હતો.
- મિલ્ખા સિંહની આ ઐતિહાસિક સિધ્ધિને માન આપીને તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ તે દિવસે રજા જાહેર કરી હતી.
- વર્ષ 1958માં ટોકિયો એશિયન ગેમ્સમાં 400 મીટરની રેસ જીતી હતી. જ્યારે પાકિસ્તાનના શ્રી અબ્દુલ ખાલીદે 100 મીટરની રેસ જીતી હતી. ત્યારબાદ 200 મીટરની રેસમાં બંને સાથે હતા જેમાં શ્રી મિલ્ખા સિંહનો વિજય થયો હતો.
- ત્યારબાદ વર્ષ 1960 માં પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી આયૂબ ખાને શ્રી મિલ્ખા સિંહને લાહોર રેસમાં આમંત્રણ આપ્યું હતું.
- શરૂઆતમાં તેઓ પાકિસ્તાન જવા તૈયાર ન હતા. પરંતુ તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂની સમજાવટ બાદ તેઓ પાકિસ્તાન ગયા હતા.
- જ્યાં સાત હજાર પ્રેક્ષકોની હાજરીમાં પાકિસ્તાનના એથ્લીટ શ્રી અબ્દુલ ખાલીદને હરાવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ રેસબાદ પાકિસ્તાનના તત્કાલીન વડાપ્રધાન શ્રી આયુબ ખાને પંજાબીમાં મિલ્ખા સિંઘને કહ્યું કે 'તમે આજે દોડતા ન હતા, ઉડતા હતા' આ શબ્દોને કારણે તેમને 'ફ્લાઈંગ શિખ'નું બિરૂદ મળ્યું હતું.
- તેઓ વર્ષ 1960માં રોમ ઓલિમ્પિકમાં માત્ર 0.01 સેકન્ડથી મેડલ ચૂકી ગયા હતા.

## શ્રી મિલ્ખા સિંહના મહત્વના વિવિધ રેકોર્ડ્સ

| ક્રમ | ઈવેન્ટ | મેડલ | કેટેગરી |
|---|---|---|---|
| 1 | 1958, એશિયન ગેમ્સ | ગોલ્ડ | 200 મીટર |
| 2 | 1958, એશિયન ગેમ્સ | ગોલ્ડ | 400 મીટર |
| 3 | 1958, કોમનવેલ્થ ગેમ્સ | ગોલ્ડ | 440 યાર્ડ્સ |
| 4 | 1962, એશિયન ગેમ્સ | ગોલ્ડ | 400 મીટર |
| 5 | 1962, એશિયન ગેમ્સ | ગોલ્ડ | 4×400 મીટર રિલે |
| 6 | 1958, કટક–નેશનલ ગેમ્સ | ગોલ્ડ | 200 મીટર |
| 7 | 1958, કટક–નેશનલ ગેમ્સ | ગોલ્ડ | 400 મીટર |
| 8 | 1964, કલકત્તા–નેશનલ ગેમ્સ | સિલ્વર | 400 મીટર |

## પુરસ્કાર

- ભારત સરકાર દ્વારા વર્ષ 1959માં 'પદ્મ શ્રી' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નોંધ : વર્ષ 2001માં તેમણે અર્જુન એવોર્ડ સ્વિકારવાનો ઈન્કાર કર્યો હતો.

## ભાગ મિલ્ખા ભાગ

- શ્રી મિલ્ખા સિંઘના જીવન પર બનેલી 'ભાગ મિલ્ખા ભાગ' ફિલ્મ વર્ષ 2013માં રિલિઝ થઈ હતી.
- આ ફિલ્મના ડિરેક્ટર શ્રી રાકેશ મહેરા હતા.
- આ ફિલ્મમાં શ્રી મિલ્ખાસિંહનું પાત્ર શ્રી ફરહાન અખ્તરે ભજવ્યું હતું.
- શ્રી મિલ્ખા સિંહે તેમની આ બાયોપિક ફિલ્મ માટે ફક્ત 1 રૂપિયો જ લિધો હતો.

# IN-EUNAVFOR સંયુક્ત નૌકાદળ કવાયત


તાજેતરમાં એડન અખાતમાં 'ઈન–ઈયુ–નેવફોર' (IN-EUNAVFOR) સંયુક્ત નૌકાદળ કવાયત હાથ ધરવામાં આવી હતી.

- આ કવાયતમાં ભારતીય નૌકાદળ તેમજ ઈટલી, સ્પેન અને ફ્રાન્સના નૌકાદળ સૈન્યએ ભાગ લીધો હતો.
- આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય દરિયાઈ ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે નૌસેનાની યુધ્ધ કુશળતા અને તેમની ક્ષમતાને પ્રોત્સાહન આપવાનો છે.
- યુરોપિયન યુનિયન નૌકાદળ અને ભારતીય નૌકાદળ 'વિશ્વ ખાદ્ય કાર્યક્રમ ચાર્ટર' (UN WFP) હેઠળ તૈનાત ચાંચિયાગીરી અભિયાનો અને જહાજોની સુરક્ષા સહિતના અનેક મુદ્દાઓ પર સાથે મળીને કામ કરે છે.

- આ કવાયત 18 અને 19 જૂન 2021ના રોજ યોજાઈ હતી.
- ભારતીય નૌકાદળનું જહાજ ત્રિકંદએ આ કવાયતમાં ભાગ લીધો હતો.
- આ કવાયતમાં ચાર નૌકાદળના કુલ પાંચ યુધ્ધ જહાજો એ ભાગ લીધો હતો.
- ભારત ઉપરાંત અન્ય યુધ્ધ જહાજોમાં ઈટાલિયન નેવી શિપ ITS Carabinere, બે ફ્રેન્ચ નેવી શિપ FS Tonnerre & FS Surcouf અને સ્પેનિશ નેવી શિપ ESPF Navarraનો સમાવેશ થાય છે.

## ભારતના અન્ય દેશ સાથેના મુખ્ય સમુદ્રી અભ્યાસ

| ક્રમ | અભ્યાસનું નામ | દેશ |
|---|---|---|
| 1 | SLINEX | શ્રીલંકા |
| 2 | બોન્ગોસાગર અને IN-BN Corpat | બાંગ્લાદેશ |
| 3 | જિમેક્સ (JIMEX) | જાપાન |
| 4 | નસીમ–અલ–બહરી | ઓમાન |
| 5 | ઈન્દ્ર (Indra) | રશિયા |
| 6 | ઝૈર–અલ–બહરી | કતાર |
| 7 | સમુદ્ર શક્તિ | ઈન્ડોનેશિયા |
| 8 | Indo-Thai CORPAT | થાઈલેન્ડ |
| 9 | IMCOR | મલેશિયા |
| 10 | SIMBEX (સિમ્બેક્સ) | સિંગાપોર |
| 11 | AUSINDEX | ઓસ્ટ્રેલિયા |
| 12 | માલાબાર અભ્યાસ | જાપાન અને યુ.એસ.એ |



## SUNDAY Questions

1. ભારતમાં 'ફાધર્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) જૂન માસનો ત્રીજો રવિવાર
(C) 21 જૂન (D) જૂન માસનો ચોથો રવિવાર **(B)**

2. ભારતમાં વર્ષ 2021માં કયા દિવસે 'ફાધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(A)**

3. કયા દિવસે 'વિશ્વ શરણાર્થી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(A)**

4. ભારતના 'ફ્લાઈંગ શીખ' તરીકે પ્રસિધ્ધ શ્રી મિલ્ખા સિંહનું કેટલા વર્ષની વયે નિધન થયું છે ?

(A) 84 (B) 86 (C) 89 (D) 91 **(D)**

5. મિલ્ખા સિંહનો જન્મ ક્યારે થયો હતો ?

(A) 20 નવેમ્બર, 1920 (B) 20 નવેમ્બર, 1929 (C) 20 નવેમ્બર, 1935 (D) 20 નવેમ્બર, 1939 **(B)**

6. શ્રી મિલ્ખા સિંહ કયા વર્ષે ભારતીય સૈન્યમાં જોડાયા હતા ?

(A) 1948 (B) 1952 (C) 1958 (D) 1962 **(B)**

7. પાકિસ્તાનના તત્કાલીન વડાપ્રધાન શ્રી આયુબ ખાને જ્યારે મિલ્ખા સિંહનું લાહોર રેસમાં આમંત્રણ આપ્યું હતું. ત્યારે તેમણે પાકિસ્તાનના કયા એથ્લેટિકને હાર આપી હતી ?

(A) શ્રી અબ્દુલ ખાલીદ (B) શ્રી મુબારક શાહ (C) શ્રી અબ્દુલ મલિક (D) શ્રી હૈદરખાન **(A)**

8. શ્રી મિલખા સિંહના વિવિધ રેકોર્ડ સંદર્ભ નીચેનામાંથી કઈ જોડ ખોટી છે ?

(A) 1958, એશિયન ગેમ્સ : ગોલ્ડ (400 & 200 મીટરમાં)
(B) 1962, એશિયન ગેમ્સ : ગોલ્ડ (400 મીટરમાં)
(C) 1960, રોમ ઓલિમ્પિક : ગોલ્ડ (200 મીટરમાં)
(D) 1964, કલબતા નેશનલ ગેમ્સ : સિલ્વર (400 મીટરમાં) **(C)**

9. શ્રી મિલ્ખા સિંહને કયા વર્ષે 'પદ્મ શ્રી' એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) 1955 (B) 1959 (C) 1971 (D) 1983 **(B)**

10. IN-EUNAVFOR સંયુક્ત નૌકાદળ કવાયત કયા દેશો વચ્ચે યોજાઈ હતી ?

(A) ભારત, સ્પેન, ફ્રાન્સ, ઈટલી (B) ભારત, અમેરિકા, જાપાન, રશિયા
(C) ભારત, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, ચીન (D) ભારત, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, કેનેડા **(A)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 21 જૂન, (1) વિશ્વ યોગ દિવસ (International Day for Yoga)
## (2) વિશ્વ સંગીત દિવસ (World Music Day)
## (3) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ (World Hydrography Day)

### વિશ્વ યોગ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત 2021માં સાતમા 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- કોરોના મહામારીના કારણે વર્ષ 2021માં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

નોંધ : (1) મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાતમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા આયોજિત સમારોહમાં યોગ કોચ અને યોગ ટ્રેનર્સને પ્રતિક રૂપે પ્રમાણપત્ર વિતરણ કર્યા હતા.

(2) મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના જિલ્લા મથકો એ ઉપસ્થિત યોગ ટ્રેનર્સ–યોગ કોચ અને અધિકારીઓને વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રેરક સંબોધન કર્યુ હતું.

(3) શ્રી વિજયભાઈ રૂપાણીએ 'સર્વજન હિતાય સર્વજન સુખાય'ના મંત્રથી યોગને વધુને વધુ લોકો સુધી પ્રચલિત બનાવીને યોગમય ગુજરાત માટે આહવાન કર્યુ હતું.

(4) આ ઉપરાંત શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે 'હવે તો બસ એક જ વાત–યોગમય બને ગુજરાત' થીમ સોંગનું લોન્ચીંગ પણ કર્યુ હતું.

(5) સાતમા યોગ દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી દેશને સંબોધન કર્યુ હતું. આ દરમિયાન તેમણે મહાન તમિલ સંત શ્રી થિરૂવલ્લવરના એક વાક્યને અનુલક્ષીને કહ્યું હતું કે જો કોઈ બિમારી હોય તો તેનું નિદાન કારો, તેના મુળ સુધી જાવ, બિમારીનું કારણ શું છે તેની તપાસ કરો અને પછી તેનો નિશ્ચિત ઈલાજ કરો અને જણાવ્યું કે યોગ આ જ રસ્તો બતાવે છે.

### વર્ષ 2021ની વિશ્વ યોગ દિવસની થીમ

વર્ષ 2021ની વિશ્વ યોગ દિવસની થીમ "Yoga for Wellness" (સુખાકારી માટે યોગ) છે.

### વિશ્વ યોગ દિવસનો ઈતિહાસ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં યોગ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ મૂકયો હતો.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સૌથી ઓછા સમયમાં એટલે કે ફક્ત 90 દિવસમાં જ મંજૂરી આપવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ અંતર્ગત 11 ડિસેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રના 177 દેશો દ્વારા 21 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ સૌપ્રથમ 21 જૂન, 2015ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવણી કરવામાં આવી હતી.

## વિશ્વ યોગ દિવસ 21 જૂનના રોજ શા માટે ઉજવાય છે ?

21 જૂનનો દિવસ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે. આ ઉપરાંત આ દિવસે સૂર્યની વિશિષ્ટ સ્થિતિને કારણે યોગ માટે તેનું વિશેષ મહત્ત્વ છે.

- આથી 'વિશ્વ યોગ દિવસ' તરીકે 21 જૂનની પંસદગી કરવામાં આવી છે.

## યોગ, એક ભારતીય હેરિટેજ

સાતમાં આંતરરાષ્ટ્રીય યોગ દિને 'યોગ, એક ભારતીય હેરિટેજ' અથવા 'યોગ, એક ભારતીય ધરોહર' થીમ સાથે સમગ્ર ભારતમાં 75 હેરિટેજ સ્થળોએ યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

- 'યોગ, એક ભારતીય હેરિટેજ' અભિયાનએ ભારતના 'આઝાદી કા અમૃત મહોત્સવ' અભિયાનનો એક ભાગ જ છે.
- આઝાદીના 75 વર્ષોની ઉજવણી કરવા માટે સમગ્ર દેશના 75 સાંસ્કૃતિક હેરિટેજ સ્થળોએ મંત્રાલયની તમામ સંસ્થાઓની સક્રિય ભાગીદારી સાથે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- આ 75 સાંસ્કૃતિક હેરિટેજમાં આગ્રાનો કિલ્લો (ઉત્તરપ્રદેશ), શાંતિ સ્તૂપ (લદ્દાખ), ઈલોરાની ગુફા (મહારાષ્ટ્ર), રાજીવ લોચન મંદિર (છત્તીસગઢ), બોમ્ડિલા (અરૂણાચલ પ્રદેશ), નાલંદા (બિહાર), સાબરમતિ આશ્રમ (ગુજરાત), અખનુર કિલ્લો (જમ્મુ) વગેરેનો સમાવેશ થાય છે.

નોંધ : (1) પાટણ ખાતે આવેલી રાણકી વાવ ખાતે પુરાતત્વ વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

(2) આ ઉપરાંત અડાલજની વાવ ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## mYoga App

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે 'mYoga' એપ્લિકેશન લોન્ચ કરી છે. અને સાથે 'યોગ સે સહયોગ તક'નો મંત્ર આપ્યો હતો.

- આ એપ્લિકેશન આધુનિક તકનીકી અને પ્રાચીન વિજ્ઞાનના સંમિશ્રણનું એક ઉત્તમ ઉદાહરણ છે.
- યોગ પ્રશિક્ષણ વીડિયો પ્રદાન કરવા માટે 'mYoga' એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે.
- આ એપ્લિકેશન આયુષ મંત્રાલય અને WHOના સહયોગથી શરૂ કરવામાં આવી છે.
- વર્તમાનમાં એપ્લિકેશન અંગ્રેજી, હિન્દી અને ફ્રેન્ચ ભાષાઓમાં ઉપલબ્ધ છે. ટૂંક સમયમાં સંયુક્ત રાષ્ટ્રની અન્ય ભાષાઓમાં પણ શરૂ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી એન્ટોનિયો ગુટેરેસની ફરી સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ તરીકે નિમણૂક

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ શ્રી એન્ટોનિયો ગુટેરસ (Antonio Guterres)ને 1 જાન્યુઆરી, 2022 થી 31 ડિસેમ્બર, 2026 સુધી તેમના બીજા કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્રના નવમાં મહાસચિવ (General Secretary) તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી એન્ટોનિયો ગુટેરસે 1 જાન્યુઆરી 2017ના રોજ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ પદના શપથ લીધા હતા. અને તેમનો આ પ્રથમ કાર્યકાળ 31 ડિસેમ્બર 2021ના રોજ સમાપ્ત થશે.
- તેઓ જૂન 2005 થી ડિસેમ્બર 2015 સુધી સંયુક્ત રાષ્ટ્રના શરણાર્થીઓના કમિશનર તરીકે પણ સેવા આપી હતી.
- નોંધનીય છે કે શ્રી એન્ટોનિયો ગુટેરસ પોર્ટુગલના પૂર્વ વડાપ્રધાન હતા.

### મહાસચિવની નિમણૂક

સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર (UN Charter) હેઠળ મહાસચિવની નિમણૂક પરિષદની ભલામણ પર મહાસભા (જનરલ એસેમ્બલી) દ્વારા કરવામાં આવે છે.

- દરેક મહાસચિવ પાસે બીજા કાર્યકાળનો વિકલ્પ હોય છે. આ માટે તેને સભ્યો દેશોના પુરતા સમર્થનની જરૂર પડે છે.

### સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર (UN Charter)

'સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર' (UN Charter) એ સંયુક્ત રાષ્ટ્રની સ્થાપનાનું દસ્તાવેજ છે.

- આ દસ્તાવેજ પર 26 જૂન, 1945ના રોજ સાન ફ્રાન્સિસ્કોમાં આંતરરાષ્ટ્રીય સંગઠનના યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સના સમાપન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે 24 ઓક્ટોબર, 1945ના રોજ અમલમાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળનું સાધન છે. અને સંયુક્ત રાષ્ટ્રના સભ્યો દેશો તેના દ્વારા બંધાયેલા છે.

### સંયુક્ત રાષ્ટ્ર

સંયુક્ત રાષ્ટ્ર (United Nations) એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જેની સ્થાપના વર્ષ 1945માં કરવામાં આવી હતી.

- સ્થાપના સમયે તેમા 51 સભ્યો દેશો હતા જ્યારે વર્તમાનમાં 193 સભ્ય દેશ છે.
- ભારત સંયુક્ત રાષ્ટ્રનો ચાર્ટર સભ્ય છે અને તેની તમામ વિશેષ એજન્સીઓ અને સંગઠનોમાં ભાગ લે છે.


### સંયુક્ત રાષ્ટ્રના ઉદ્દેશો

- આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની સ્થાપના કરવી.
- વિશ્વના રાષ્ટ્રો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો સ્થાપિત થાય અને જળવાઈ રહે તેવા પગલાં લેવા.
- માનવ–અધિકારોને માન આપવું અને માનવીની મૂળભૂત સ્વતંત્રતાઓનું તમામ રક્ષણ કરે તેવા વાતાવરણનું સર્જન કરવું.
- શાંતિ, સલામતિ, મૈત્રી અને સહકારનું વાતાવરણ ઉભું કરી વિશ્વમાં એકતા સ્થાપવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય છ અંગો

સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય છ અંગો છે. આ છ અંગોની સ્થાપના વર્ષ 1945માં સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના સમયે જ થઈ હતી.




## શ્રી ઈબ્રાહિમ રાયસી (Ebrahim Raisi) ઈરાનના નવા રાષ્ટ્રપતિ બન્યા

તાજેતરમાં શ્રી ઈબ્રાહિમ રાયસી ઈરાનના નવા રાષ્ટ્રપતિ બન્યા છે.

- તેમને કુલ પડેલા 28.9 મિલિયન મતોમાંથી 18 મિલિયન મતો મળ્યો હતા.
- શ્રી ઈબ્રાહિમ રાયસીને ઈરાનના રૂઢીચુસ્ત નેતા માનવામાં આવે છે.
- તેઓ રાષ્ટ્રપતિ તરીકે શ્રી હસન રુહાનીની જગ્યા લેશે. વર્તમાનમાં તેઓ ઈરાનના મુખ્ય ન્યાયાધીશ પણ છે.
- શ્રી ઈબ્રાહિમ રાયસીનો જન્મ 14 ડિસેમ્બર, 1960ના રોજ ઈરાનના મશાદમાં થયો હતો.
- તેઓએ ઈરાનમાં સામાન્ય નિરીક્ષણના અધ્યક્ષ તરીકે, ચીફ જસ્ટિસ અને નાયબ ચીફ જસ્ટિસ તથા પ્રોસિક્યુટર જનરલ તરીકે પણ ફરજ બજાવી છે.
- વર્તમાનમાં ઈરાનની વસતી લગભગ 83 મિલિયન છે.
- ઈરાનની રાજધાની તહેરાન છે તથા તેનું ચલણ ઈરાની રિયાલ છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


# તાજેતરમાં કૃષિ યુનિવર્સિટી 2021માં પસંદગી પામતા ICEના વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન...




MAULIK SOLANKI


MITAL SOLANKI


SOHAM RATHOD


KOMAL ASHAR

TO BE CONTINUE...

1. 'વિશ્વ સંગીત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન

(B)

2. 'વિશ્વ યોગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 જૂન (B) 22 જૂન (C) 23 જૂન (D) 24 જૂન

(A)

3. દર વર્ષે 21 જૂનના રોજ નીચેનામાંથી કયો દિવસ ઉજવાતો નથી ?

(A) વિશ્વ યોગ દિવસ (B) વિશ્વ સંગીત દિવસ

(C) વિશ્વ હાઈડ્રોજન દિવસ (D) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ

(C)

4. 21 જૂન 2021 ના રોજ કેટલામાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?

(A) ચોથા (B) પાંચમાં (C) છઠ્ઠા (D) સાતમા

(D)

5. યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2021ના 'વિશ્વ યોગ દિવસ'ની થીમ શું છે ?

(A) Yoga for Health (B) Yoga for Climate Action

(C) Yoga for Wellness (D) Yoga for Health- Yoga at Home

(C)

6. 'વિશ્વ યોગ દિવસ–2021'ના સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. આ પ્રસંગ નિમિત્તે શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના જિલ્લા મથકોએ ઉપસ્થિત યોગ ટ્રેનર્સ, યોગ કોચ અને અધિકારીઓને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કર્યુ હતું.

2. શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે 'હવે તો બસ એક જ વાત–યોગમય બને ગુજરાત' થીમ સોન્ગ લોન્ચ કર્યુ હતું.

3. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગ નિમિત્તે 'mYoga' એપ્લિકેશન લોન્ચ કરી હતી.

4. આ એપ્લિકેશન WHOના સહયોગથી શરૂ કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) 1, 2, 3 અને 4 (C) ફક્ત 2, 3, અને 4 (D) ફક્ત 1 અને 4

(B)

7. તાજેતરમાં કોની સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ તરીકે ફરીથી નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી એન્ટોનિયો ગુટેરસ (B) શ્રી મોરિયો સોરેસ

(C) શ્રી ટ્રેડોસ અધનામ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

(A)

8. શ્રી ઈબ્રાહિમ રાયસી કયા દેશના નવા રાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) ઈરાન (B) ઈરાક (C) સુદાન (D) તુર્કીસ્તાન

(A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને દેશમાં ઈલેક્ટ્રિક હબ બનાવવા માટે 'ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી 2021'ની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.

- આ નીતિ–પોલિસી દ્વારા ઈ–વ્હીકલની નવી ટેક્નોલોજીને પ્રોત્સાહન મળશે તથા ઈ–વ્હીકલના ડ્રાઈવીંગ, વેચાણ, ધીરાણ, સર્વિસીંગ અને ચાર્જિંગ વગેરે ક્ષેત્રોમાં રોજગારીની તકોમાં વૃધ્ધી થશે.
- આવનારા ચાર વર્ષમાં આ નીતિ અંતર્ગત બે લાખ ઈલેક્ટ્રિક વાહનો રાજ્યના માર્ગ પર આવશે તેવું લક્ષ્ય પોલિસી હેઠળ નિર્ધારિથત કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત 1,10,000 ટૂ વ્હીલર, 70,000 થ્રી વ્હીલર અને 20,000 ફોર વ્હીલર આગામી 4 વર્ષમાં રાજ્યમાં આવશે.
- ઈ–વ્હીલરનો પ્રતિ કિલોમીટર વપરાશ ખર્ચ અન્ય વાહનો કરતા એવરેજ 30 થી 50 ટકા ઓછો આવે છે. તેમજ વાયુ પ્રદુષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થાય છે.

### ઈ વ્હીલર સબસિડી

આ નવી પોલિસી અંતર્ગત રાજ્યમાં ઈલેક્ટ્રિક ટુ–વ્હીલર, થ્રી વ્હીલર અને ફોર વ્હીલર ખરીદનાર વ્યક્તિને સબસિડી પણ આપવામાં આવશે.

- આ પોલિસી અંતર્ગત નીચે મુજબના વાહનોને સબસિડી મળશે :

| ક્રમ | કયું વ્હીલર | કેટલી સબસિડી | કેટલી કિંમત સુધીના વાહન પર સબસિડી આપવામાં આવશે. |
|---|---|---|---|
| 1 | ટૂ વ્હીલર | રૂ. 20,000 સુધીની સબસિડી | રૂ. 1.50 લાખ સુધીની કિંમત પર સબસિડી મળવા પાત્ર |
| 2 | થ્રી વ્હીલર | રૂ. 50,000 સુધીની સબસિડી | રૂ. 5 લાખ સુધીની કિંમત પર સબસિડી મળવા પાત્ર |
| 3 | ફોર વ્હીલર | રૂ. 1,50,000 સુધીની સબસિડી | રૂ. 15 લાખ સુધીની કિંમત પર સબસિડી મળવા પાત્ર |

- આ તમામ વાહનોની સબસીડી માટે આગામી ચાર વર્ષમાં રાજ્ય સરકાર 870 કરોડ રૂપિયાનો આર્થિક બોજ ઉપાડશે.
- આ તમામ વાહનોનું આરટીઓ રજિસ્ટ્રેશન વિનામુલ્યે થશે અને આ લાભ ખાનગી અને કોમર્શિયલ વાહનોને મળશે.
- ભારત સરકારની ઈલેક્ટ્રિક વ્હીકલ પ્રોત્સાહન યોજના (ફેમ-2) અંતર્ગત રાજ્યમાં 278 જેટલા ચાર્જિંગ સ્ટેશન મંજૂર થયેલા છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- રાજ્ય સરકાર આ ઉપરાંત વધુ 250 ચાર્જિંગ સ્ટેશન ઉભા કરવા રૂ. 10 લાખની મર્યાદામાં 25 ટકા જેટલી સબસિડી પૂરી પાડશે.
- આમ, આગામી વર્ષોમાં સમગ્ર રાજ્યમાં 528 જેટલા ચાર્જિંગ સ્ટેશનનું નેટવર્ક ઊભું થશે.

## મુખ્ય વિશેષતાઓ અને ફાયદા

'ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી- 2021'ની મુખ્ય વિશેષતા અને તેના ફાયદા નીચે મુજબ દર્શાવ્યા છે.

- આવનારા 4 વર્ષમાં રાજ્યમાં ઈ–વ્હીકલનો ઉપયોગ વધારવો.
- ઈ–વ્હીકલ અને તેને આનુષાંગિક સાધન–સામગ્રી માટે ગુજરાતને મેન્યૂફેક્ચરીંગ હબ બનાવવું.
- ઈલેક્ટ્રિક મોબિલીટી ક્ષેત્રે યુવા સ્ટાર્ટઅપ રોકાણકારોને પ્રોત્સાહિત કરવા.
- ઈ–વ્હીકલના કારણે રાજ્યમાં કાર્બનના ઉત્સર્જનમાં વર્ષે અંદાજે 6 લાખ ટનનો ઘટાડો થશે.
- આ ઉપરાંત એન્જિન નહીં હોવાથી અવાજના અભાવે ધ્વની પ્રદુષણ પણ ઘટશે.
- 4 વર્ષમાં ઓછામાં ઓછા આશરે પાંચ કરોડ રૂપિયાની ઈંધણની બચત થશે.
- ઈલેક્ટ્રિક વાહનોમાં ગીયર સિસ્ટમ નહીં હોવાથી ડ્રાઈવિંગ વધુ સરળ અને આરામદાયક બને છે.
- ઈ–વ્હીકલના ડ્રાઈવીંગ, વેચાણ, ધિરાણ, સર્વિસીંગ અને ચાર્જિંગ વગેરે ક્ષેત્રોમાં રોજગારીની તકોમાં વૃધ્ધી થશે.

# લોરેલ હબર્ડ (Laurel Hubbard) ઓલિમ્પિકમાં ભાગ લેનાર પ્રથમ ટ્રાન્સજેન્ડર

ન્યૂઝીલેન્ડ ઓલિમ્પિક કમિટી (NZOC) એ મહિલાઓની 87 કિગ્રા કેટેગરીમાં લડવા માટે વેઈટલિફ્ટર લોરેલ હબર્ડની પંસદગી કરી છે.

- તે ઓલિમ્પિકમાં ભાગ લેનાર પ્રથમ ટ્રાન્સજેન્ડર હશે.
- 43 વર્ષીય લોરેલ હબર્ડે અગાઉ વર્ષ 2013માં પુરુષ કેટેગરીમાં ભાગ લીધો હતો.
- તેઓ વર્ષ 2015થી ઓલિમ્પિકમાં ભાગ લેવા પાત્ર છે.
- વર્ષ 2015માં આંતરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ ટ્રાન્સ્જેન્ડર એથ્લેટને અમુક શરતો પર મહીલા કેટેગરીમાં ભાગ લેવા માટે માર્ગદર્શિકા બહાર પાડી હતી.
- આ અંતર્ગત સ્પર્ધામાં ભાગ લેતા પહેલા તેના ટેસ્ટોસ્ટેરોનનું સ્તર ઓછામાં ઓછા 12 મહિના માટે નેનોમલ પ્રતિ લીટરથી ઓછું હોવું જોઈએ.
- ટેસ્ટોસ્ટેરોન એક હોર્મન છે, જે સ્નાયુ સમૂહમાં વધારો કરે છે.
- લોરેલ હબર્ડ લિંગ પરિવર્તન પછી ઓલિમ્પિક રમતમાં ભાગ લેનાર પ્રથમ ટ્રાન્સજેન્ડર એથ્લેટ હશે.
- તેમણે વર્ષ 2017માં વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ અને સમોઓમાં વર્ષ 2019માં પેસિફિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- આ ઉપરાંત તેમણે વર્ષ 2018માં કોમનવેલ્થ ગેમ્સમાં પણ ભાગ લીધો હતો.

# TUESDAY Questions

1. 'ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021' આગામી કેટલા વર્ષ માટે રજૂ કરવામાં આવી છે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 6 **(C)**

2. 'ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021' અનુસાર રૂ. 1.50 લાખની કિંમત સુધીની ટુ વ્હીલર પર કેટલી સબસિડી મળશે ?

(A) રૂ. 5000 સુધીની (B) રૂ. 10,000 સુધીની

(C) રૂ. 15,0000 સુધીની (D) રૂ. 20,000 સુધીની **(D)**

3. 'ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021' અનુસાર રૂ. 5 લાખની કિંમત સુધીના થ્રી વ્હીલર પર કેટલી સબસિડી મળશે ?

(A) રૂ. 50,000 સુધીની (B) રૂ. 60,000 સુધીની

(C) રૂ. 70,000 સુધીની (D) રૂ. 80,000 સુધીની **(A)**

4. 'ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021' અનુસાર રૂ. 15 લાખ સુધીની કિંમત પરની ફોર વ્હીલર માટે કેટલી સબસિડી મળશે ?

(A) રૂ. 80,000 સુધીની (B) રૂ. 90,000 સુધીની

(C) રૂ. 1,50,000 સુધીની (D) રૂ. 1,80,000 સુધીની **(C)**

5. 'ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ નીતિ–પોલિસી દ્વારા ઈ–વ્હીકલની નવી ટેક્નોલોજી પ્રોત્સાહન મળશે તથા ઈ–વ્હીકલ ડ્રાઈવીંગ, વેચાણ અને ચાર્જિંગ ક્ષેત્રમાં રોજગારીની તકોમાં વૃધ્ધી થશે.
2. આ પોલિસી અંતર્ગત ટૂ વ્હીલર માટે રૂ. 20,000, થ્રી વ્હીલર માટે રૂ. 50,000 અને ફોર વ્હીલર માટે રૂ. 1,50,000 સુધીની સબસિડી આપવામાં આવશે.
3. આ પોલિસી અંતર્ગત આગામી ચાર વર્ષમાં રાજ્ય સરકાર 870 કરોડ રૂપિયાનો આર્થિક બોજ ઉપાડશે.
4. આ પોલિસી અંતર્ગત ગુજરાત રાજ્ય સરકારે 250 ચાર્જિંગ સ્ટેશનની સ્થાપનાની મંજૂરી આપી છે.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

6. ઓલિમ્પિકમાં ભાગ લેનાર પ્રથમ ટ્રાન્સજેન્ડરનું નામ શું છે ?

(A) એલેકઝેન્ડર જેમ્સ (B) લોરેલ હબર્ડ

(C) કલેપરિના એડમ્સ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

7. ઓલિમ્પિકમાં ભાગ લેનાર પ્રથમ ટ્રાન્સજેન્ડર લોરેલ હબર્ડ કયા દેશના એથ્લેટિક છે ?

(A) ન્યૂઝીલેન્ડ (B) કેનેડા (C) રશિયા (D) જાપાન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 જૂન, (1) સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન (United Nations Public Service Day)
## (2) આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ (International Olympic Day)

### આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ

23 જૂન, 1894ના રોજ 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ'ની સ્થાપના પેરિસમાં કરવામાં આવી હતી.



- આથી, ઓલિમ્પિક સમિતિના સ્થાપના દિવસની ઉજવણી માટે 23 જૂનને આતંરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ તરીકે ઉજવવાનું પંસદ કરાયું હતું.
- આ દિવસની ઉજવણી સૌપ્રથમ વર્ષ 1948માં કરવામાં આવી હતી.
- વર્ષ 1948માં કુલ 9 દેશોએ પોતપોતાના દેશોમાં આ દિવસની ઉજવણી કરી હતી.
- આ દિવસનું આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ માનવજીવનમાં રમતગમતના મહત્ત્વને ચિહ્નિત કરવા અને વિશ્વભરની રમતોમાં ભાગ લેવા પ્રોત્સાહન આપવાનો છે.

નોંધ : (1) આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ ઓલિમ્પિક રમતોના નિયમિત પણે આયોજને સુનિશ્ચિત કરે છે.

(2) નોંધનીય છે કે ઓલિમ્પિક રમતોની શરૂઆત પ્રાચીન ગ્રીસમાં થઈ હતી. તેમજ વર્ષ 1948થી દર ચાર વર્ષે ઓલિમ્પિક રમતનું આયોજન કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 'રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય' રાજસ્થાનનું ચોથું વાઘ અભ્યારણ્ય બન્યું

તાજેતરમાં 'નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટી'ની તકનીકી સમિતિએ રાજસ્થાનમાં 'રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય'ને વાઘ અભ્યારણ્ય (ટાઈગર રિઝર્વ) બનાવવાની મંજૂરી આપી છે.

- આ સાથે 'રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય' (Ramgarh Vishdhari Wildlife Sanctuary) રાજસ્થાનનું ચોથુ વાઘ અભ્યારણ્ય બનશે.
- આમ તે ભારતનું 52મું વાઘ અભ્યારણ્ય (ટાઈગર રિઝર્વ) બન્યું.

### રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય

આ અભ્યારણ્ય રાજસ્થાનના બુંદી જિલ્લામાં રામગઢ ગામ નજીક બુંદી–નૈનવા રોડ પર સ્થિત છે.

- વર્ષ 1982માં વન્યજીવ અભ્યારણ્ય તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અભ્યારણ્ય 252.79 ચોરસ કિલોમીટરના ક્ષેત્રમાં ફેલાયેલ છે.
- આ ઉપરાંત1017 વર્ગ કિમીના કુલ ક્ષેત્રને વાઘ આરક્ષિત ક્ષેત્ર તરીકે સૂચિત કરવામાં આવ્યું છે.
- અહીં જોવા મળતા અન્ય વન્યપ્રાણીમાં જંગલી ડુક્કર, ચિંકારા, સાંભર, રીછ, ભારતીય વરુ, શિયાળ, હરણ, મગર વગેરે જોવા મળે છે.

## રજસ્થાનમાં આવેલ વાઘ આરક્ષિત ક્ષેત્ર

| ક્રમ | વાઘ આરક્ષિત ક્ષેત્ર |
|---|---|
| 1 | રણથંભોર ટાઈગર રિઝર્વ |
| 2 | મુકુંદ્રા પર્વત ટાઈગર રિઝર્વ |
| 3 | સરિસ્કા ટાઈગર રિઝર્વ |
| 4 | રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય |

## ભારતમાં વાઘ આરક્ષિત ક્ષેત્ર સંબંધિત મહત્વના તથ્યો

ઈ.સ. 1972માં ભારતમાં પ્રથમવાર વાઘની સંખ્યાની ગણતરી કરવામાં આવી હતી. ભારતમાં દર 4 વર્ષે વાઘોની વસતી ગણતરી 'નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટી' દ્વારા કરવામાં આવે છે.

- ઈ.સ. 1969માં આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ તથા પ્રાકૃતિક સંસાધન સંરક્ષણ સંઘ (IUCN)ના દસમાં અધિવેશનમાં વાઘને સંપૂર્ણ સુરક્ષા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- આ અધિવેશન પછી આ લુપ્ત થતી પ્રજાતીની સુરક્ષા માટે ભારતે 1 એપ્રિલ 1973ના જીમ કોંબેટ રાષ્ટ્રીય ઉદ્યાનમાં 'વાઘ પરિયોજના'ની શરૂઆત કરી હતી.
- ક્ષેત્રફળની દષ્ટિએ ભારતનું સૌથી મોટું વાઘ આરક્ષિત ક્ષેત્ર નલ્લામલાઈ શ્રેણીમાં સ્થિત 'નાગાર્જુન સાગર શ્રી સૈલમ' છે. જે આંધ્રપ્રદેશમાં સ્થિત છે.
- ભારતનું સૌથી નાનું વાઘ આરક્ષિત ક્ષેત્ર પેંચ (મહારાષ્ટ્ર) છે.
- વિશ્વનું સર્વાધિક ઊંચાઈ પર આવેલ વાઘ આરક્ષિત ક્ષેત્ર 'નામદફા' (અરૂણાચલ પ્રદેશ) છે.
- વિશ્વમાં સૌથી વધુ વાઘ ઘનત્વ 'કાઝીરંગા' રાષ્ટ્રીય ઉદ્યાનમાં છે.
- મધ્યપ્રદેશના 'વન વિહાર રાષ્ટ્રીય ઉદ્યાન'માં સફેદ વાઘનું સંરક્ષણ કરવામાં આવે છે.
- ભારતના મધ્યપ્રદેશ રાજ્યને 'ટાઈગર સ્ટેટ'ના નામથી ઓળખવામાં આવે છે.
- શ્રી 'કૈલાસ સાંખલા'ને ટાઈગર મેન ઓફ ઈન્ડિયાના નામથી ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## છેલ્લા 100 વર્ષમાં સૌથી દાન આપનાર વ્યક્તિ : શ્રી જમશેદજી ટાટા

હુરૂન રિપોર્ટ અને એડલગિવ ફાઉન્ડેશન દ્વારા ટોચના 50 દાનવીરની યાદી તૈયાર કરવામાં આવી છે.

- આ યાદીમાં શ્રી જમશેદજી ટાટા વિશ્વના ટોચના દાનવીર તરીકે યાદીમાં પ્રથમ ક્રમાંકે છે.
- બિલ અને મેલિન્ડા ગેટ્સ, વોરન બફેટ, હેનરી હ્યુગેસ અને જ્યોર્જ સોરસ આ યાદીમાં શ્રી જમશેદજી ટાટાથી પાછળ છે.
- શ્રી જમશેદજી ટાટાએ સૌથી વધુ 102.4 અબજ ડોલરનું દાન કર્યુ છે.
- ત્યારબાદ આ યાદીમાં 74.6 અબજ ડોલરના દાન સાથે શ્રી બિલ ગેટ્સ અને સુશ્રી મેલિન્ડા ગેટ્સ બીજા ક્રમે રહ્યા છે.

- આ અહેવાલમાં જણાવ્યા અનુસાર વિશ્વભરના દાનવીરો પાછળના **100** વર્ષમાં **832 અબજ ડોલરનું** દાન આપી ચૂક્યા છે.
- વિવિધ ફાઉન્ડેશન દ્વારા **503** અબજ ડોલરનું દાન થયું હતું. અને વિવિધ દાતાઓએ **329** અબજ ડોલરનું દાન કર્યુ હતું.
- આ અહેવાલ મુજબ સૌથી વધુ દાન કરનાર વ્યક્તિ અમેરિકાના છે.

**સૌથી વધુ દાન કરનાર ટોચના વ્યક્તિ**

| ક્રમ | દાતાનું નામ | કેટલું દાન | દેશ |
|---|---|---|---|
| 1 | શ્રી જમશેદજી ટાટા | 102.4 અબજ ડોલર | ભારત |
| 2 | શ્રી બિલ ગેટ્સ અને મેલિન્ડા ગેટ્સ | 74.6 અબજ ડોલર | યુ.એસ.એ |
| 3 | શ્રી હેનરી વેલકમ | 56.7 અબજ ડોલર | યુ.કે |
| 4 | શ્રી હોવર્ડ હ્યુજીસ | 38.6 અબજ ડોલર | યુ.એસ.એ |
| 5 | શ્રી વોરન બફેટ | 37.4 અબજ ડોલર | યુ.એસ.એ |

નોંધ : (1) શ્રી જમશેદજી ટાટા જમશેદપુરમાં '<u>ટાટા આર્યન અને સ્ટીલ વર્ક્સ કંપની</u>' (Tisco) ના સ્થાપક છે.
(2) શ્રી જમશેદજી ટાટાનો જન્મ <u>3 માર્ચ, 1839</u>ના રોજ નવસારી ખાતે થયો હતો.

## WHO એ સમગ્ર વિશ્વમાં થયેલી આત્મહત્યા અંગેનો રિપોર્ટ બહાર પાડ્યો

<u>વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન</u> (WHO) એ વર્ષ <u>2019</u>માં સમગ્ર વિશ્વમાં થયેલી આત્મહત્યા અંગેનો રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.

- આ રિપોર્ટમાં જણાવ્યા મુજબ વર્ષ <u>2019</u>માં પહેલેથી જ આત્મહત્યાનું સંકટ હતું.
- વર્ષ 2019માં લગભગ <u>7,03,000</u> લોકોનું આત્મહત્યા દ્વારા મોત નિપજ્યું હતું.
- વર્ષ 2019માં વૈશ્વિક <u>વય–ધોરણે</u> આત્મહત્યાનો દર <u>1,00,000</u> ની વસતી દીઠ <u>9</u> નો હતો.
- <u>58%</u> આત્મહત્યા 50 વર્ષ ઉંમર પહેલા જ થઈ હતી.
- વર્ષ 2019માં વિશ્વવ્યાપી <u>15 થી 29</u> વર્ષની વયના યુવાનોમાં આત્મહત્યા એ ચોથું મોટું કારણ હતું.
- WHOના જણાવ્યા અનુસાર ભારતમાં દક્ષિણપૂર્વ એશિયન ક્ષેત્રમાં સૌથી વધુ આત્મહત્યા દર છે.
- આફ્રિકા, યુરોપ અને દક્ષિણ–પૂર્વ એશિયામાં આત્મહત્યાનો દર સૌથી વધુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન (D)

2. ‘આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન (D)

3. તાજેતરમાં ‘રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય’ કયા રાજ્યનું વાઘ અભ્યારણ્ય (ટાઈગર રિઝર્વ) અથવા વાઘ આરક્ષિત ક્ષેત્ર બન્યું છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તરપ્રદેશ (C) મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર (A)

4. ‘રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય’ રાજસ્થાનનું કેટલામું વાઘ અભ્યારણ્ય બન્યું છે ?

(A) ત્રીજું (B) ચોથું (C) પાચમું (D) છટ્ઠું (B)

5. ભારતમાં કયા વર્ષે ‘વાઘ પરિયોજના’ની શરૂઆત થઈ હતી ?

(A) 1970 (B) 1982 (C) 1973 (D) 1980 (C)

6. હુરુન રિપોર્ટ અને એડલગિવ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયેલ અહેવાલ મુજબ છેલ્લા 100 વર્ષમાં સૌથી વધુ દાન કરનાર વ્યક્તિ કોણ છે ?

(A) શ્રી જમશેદજી ટાટા (B) શ્રી બિલ ગેટ્સ (C) શ્રી હેનરી વેલકમ (D) શ્રી વોરન બફેટ (A)

7. WHOના રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં કેટલા લોકોનું આત્મહત્યા દ્વારા મૃત્યું નિપજ્યું હતું ?

(A) 7,03,000 (B) 4,20,000 (C) 1,00,000 (D) 5,06,000 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 જૂન, પાસપોર્ટ સેવા દિવસ

## 1st ICC World Test Championship 2019-21માં ન્યૂઝીલેન્ડનો ઐતિહાસિક વિજય

ICC દ્વારા 1 ઓગસ્ટ, 2019 થી 23 જૂન, 2021 દરમિયાન 'ICC World Test Championship 2019-2021' (WTC-2019-21)નું આયોજન કરવામાં આવ્યું હતું.

- ICC દ્વારા યોજનાર આ પ્રથમ ટેસ્ટ વર્લ્ડ કપ અથવા તો ટેસ્ટ ચેમ્પિયનશિપ છે.
- ICC દ્વારા અત્યાર સુધી વનડે તથા ટી–20 ક્રિકેટ વર્લ્ડકપનું આયોજન કરવામાં આવતું હતું. પરંતુ ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસનો આ પ્રથમ વર્લ્ડકપ હતો.
- આ ICC ટેસ્ટ ચેમ્પિયનશિપ અથવા ટેસ્ટ વર્લ્ડકપમાં ભારતને પરાજય આપીને ન્યૂઝિલેન્ડે આ વર્લ્ડકપ જીતી લીધો છે.
- આ વર્લ્ડકપની ફાઈનલ મેચ ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલા પ્રસિધ્ધ લોર્ડ્સ મેદાનમાં યોજાઈ હતી.
- આ ફાઈનલ મેચમાં ભારતે પ્રથમ ઈનિંગમાં 217 રન કર્યા હતા. જ્યારે ન્યૂઝિલેન્ડે પ્રથમ ઈનિંગમાં 249 રન કરી 32 રનની લીડ આપી હતી.
- ત્યારબાદ ભારતે બીજી ઈનિંગમાં 170 રન કર્યા હતા. આ સાથે ભારતે ન્યૂઝિલેન્ડને 139 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેને ન્યૂઝિલેન્ડે 2 વિકેટે 140 રન બનાવી આ પ્રથમ ટેસ્ટ વર્લ્ડકપ જીતી લીધો છે.
- આ વર્લ્ડકપની ફાઈનલમા 7 વિકેટ અને 21 રન કરનાર કે. જેમિસનને 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા.

## ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21ની વિશેષતા

ICC દ્વારા યોજનાર આ પ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હતી.

- 1 ઓગસ્ટ, 2019ના રોજ ઈંગ્લેન્ડના બર્મિંગહામ ખાતે આવેલા એજબેસ્ટોની ક્રિકેટ સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની એશિઝ સિરીઝની પ્રથમ મેચથી આ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો પ્રારંભ થયો હતો.
- આ ચેમ્પિયનશિપમાં ભારત સહિત 9 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ, વેસ્ટઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાની ટીમનો સમાવેશ થાય છે.
- આ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતની પ્રથમ મેચ વેસ્ટ ઈન્ડિઝ વિરુધ્ધ યોજાઈ હતી.
- વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-2021માં સૌથી વધુ 1675 રન ઓસ્ટ્રેલિયાના શ્રી એમ. લાબુશેન (Marnus Labuschange) એ ફટકાર્યા હતા.
- ભારત તરફથી આ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ 1159 રન શ્રી અજિક્યે રહાણેએ ફટકાર્યા હતા.
- જ્યારે આ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ 71 વિકેટ ઝડપવાનો રેકોર્ડ ભારતના બોલર શ્રી આર. અશ્વિનના નામે છે.
- એક જ ટેસ્ટ મેચમાં સૌથી વધુ 335 રન કરવાનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના શ્રી ડેવિડ વોર્નરના નામે છે.
- ન્યૂઝિલેન્ડે તેમના ક્રિકેટ ઈતિહાસમાં આ પ્રથમ વર્લ્ડકપ જીત્યો છે.
- આ ચેમ્પિયન ટીમ ન્યૂઝિલેન્ડના કેપ્ટનનું નામ શ્રી કેન વિલિયમ્સન છે.

## ICC WTC 2019-2021 માં ઈનામની રકમ

| ક્રમ | વિશેષતા | ઈનામની રકમ |
|---|---|---|
| 1 | ટેસ્ટ ચેમ્પિયનશિપ વિજેતા ટીમ | 1.6 મિલિયન ડોલર |
| 2 | ઉપ વિજેતા ટીમ | 8 લાખ ડોલર |
| 3 | ત્રીજું સ્થાન પ્રાપ્ત કરનાર ટીમ | 4,50,000 ડોલર |
| 4 | ચોથું સ્થાન પ્રાપ્ત કરનાર ટીમ | 3,50,000 ડોલર |

## ટેસ્ટ ક્રિકેટ

વિશ્વમાં ઈન્ટરનેશનલ ક્રિકેટનો પ્રારંભ ટેસ્ટ ક્રિકેટથી જ થયો હતો.

- આ અંતર્ગત પ્રથમ ઓફિશિયલ ઈન્ટરનેશનલ ટેસ્ટ મેચ 15 અને 19 માર્ચ, 1877ના રોજ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ઓસ્ટ્રલિયાના મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
- ત્યારબાદ આ પ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો પ્રારંભ પણ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ટેસ્ટ મેચથી જ થયો હતો.
- હવે પછી બીજી ICC વર્લ્ડ ટેસ્ટ ચમ્પિયનશિપ વર્ષ 2021 થી 2023 દરમિયાન યોજાશે.

## ICC

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન 'International Cricket Council' (ICC) દ્વારા કરવામાં આવે છે.

- ICCની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'Cricket for Good' છે.
- ICCના ફૂલ ટાઈમ સભ્યોમાં કુલ 12 દેશોનો સમાવેશ થાય છે.
- ICCના વર્તમાન ચેરમેન શ્રી ગ્રેગ બાર્કલે છે. (જૂન 2021ની સ્થિતિએ)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વનો પ્રથમ આનુવંશિક રીતે સંશોધિત રબર પ્લાન્ટ


તાજેતરમાં રબર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા વિશ્વના પ્રથમ આનુવંશિક રીતે સંશોધિત (Genetically Modified-GM) રબર પ્લાન્ટની સ્થાપના આસામમાં કરવામાં આવી છે.

- આ ક્ષેત્ર માટે ખાસ રીતે વિકસિત સૌપ્રથમ રબર પ્લાન્ટ છે, જેના કારણે ઉત્તરપૂર્વ ક્ષેત્રની આબોહવાની સ્થિતિમાં રબરની સારી વૃધ્ધિ થવાની અપેક્ષા છે.
- આ રબરને કોટ્ટયામના પુથુપલ્લી ખાતેની ભારતીય રબર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં બાયોટેક્નોલોજી લેબોરેટરીમાં વિકસાવવામાં આવ્યું છે.
- આનુવંશિક સંશોધિત તકનીકમાં પ્રયોગ શાળા તકનીકનો ઉપયોગ કરીને જાતિઓ વચ્ચેના વિશિષ્ટ લક્ષણો માટે જનીનોને સ્થાનાંતરિત કરવામાં આવે છે.

- આ રબરમાં મેંગેનીઝથી સમુધ્ધ સુપર ઓક્સાઈડ ડિસ્યુઝિટ્સ જનીન રજૂ કરવામાં આવે છે, જેના કારણે તે ઉત્તર–પૂર્વમાં તીવ્ર શિયાળાની ઠંડીનો સામનો કરી શકશે.
- આ GM રબર એ બીજો આનુવંશિક રીતે સુધારેલો પાક છે. આ અગાઉ બીટી કપાસમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ GM રબરમાં પ્રતિકૂળ આબોહવાની પરિસ્થિતિઓનો સામનો કરવાની ક્ષમતા છે. જેનાથી ભારતમાં રબરના ઉત્પાદનમાં વધારો થશે.

નોંધ : (1) ભારતમાં 'રબર બોર્ડ' વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે.

(2) રબર બોર્ડનું મુખ્ય મથક કેરળના કોટ્ટયામ ખાતે આવેલું છે.



1. ભારતમાં કયા દિવસે 'પાસપોર્ટ સેવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 21 જૂન (B) 24 જૂન (C) 26 જૂન (D) 28 જૂન **(B)**

2. તાજેતરમાં કેટલામો ટેસ્ટ વર્લ્ડકપ અથવા ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (2019 થી 2021) યોજાઈ હતી ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(A)**

3. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ કયા ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી ?

(A) મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા (B) બ્રિસબેન, ઓસ્ટ્રેલિયા

(C) એજબેસ્ટોન, ઈંગ્લેન્ડ (D) લોર્ડ્સ, ઈંગ્લેન્ડ **(D)**

4. ICC દ્વારા આયોજિત 'પ્રથમ ટેસ્ટ વર્લ્ડકપ' અથવા તો 'પ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ' વિશે નિચેના પૈકી કયું વિધાન સાચું છે?

1. આ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019 થી 2021ના સમયગાળા દરમિયાન યોજાઈ હતી.

2. આ પ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21 માં ભારતને પરાજય આપીને ન્યૂઝિલેન્ડ પ્રથમ વખત વર્લ્ડકપ જીત્યો છે.

3. આ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં કુલ 9 દેશોની ટીમોએ ભાગ લીધો હતો.

4. આ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતની પ્રથમ મેચ વેસ્ટ ઈન્ડિઝ વિરુધ્ધ યોજાઈ હતી.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

5. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21માં કયા ખેલાડીએ સૌથી વધુ રન બનાવ્યા છે ?

(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી કે. વિલિયમ્સન (C) શ્રી એમ. લાબુશેન (D) શ્રી રોહિત શર્મા **(C)**

6. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21માં સૌથી વધુ વિકેટ ઝડપવાનો રેકોર્ડ કોના નામે છે ?

(A) શ્રી આર. અશ્વિન (B) શ્રી મિચેલ સ્ટાર્ક (C) શ્રી બેન સ્ટોક્સ (D) શ્રી જે. બુમરાહ **(A)**

7. વિશ્વનો પ્રથમ આનુવંશિક રીતે સંશોધિત પ્લાન્ટ કયા રાજ્યમાં સ્થાપિત કરવામાં આવ્યો છે ?

(A) તમિલનાડુ (B) મિઝોરમ (C) આસામ (D) સિક્કિમ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 25 જૂન, (1) વિશ્વ પાંડુરોગ દિવસ (World Vitiligo Day)
# (2) આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ (International Day of The Seafarer)

## જમ્મુ-કાશ્મીરમાં સીમાંકન

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 25 જૂન, 2021ના રોજ જમ્મુ કાશ્મીરના નેતાઓ સાથે બેઠક યોજી હતી.

- આ બેઠકમાં જમ્મુ કાશ્મીરના 8 પક્ષોના 14 નેતાઓએ ભાગ લીધો હતો.
- નોંધનીય છે કે જમ્મુ કાશ્મીરના વિભાજન અને અનુચ્છેદ-370 રદ્ થયા પછીની આ પ્રથમ બેઠક હતી.
- આ બેઠકમાં જમ્મુ કાશ્મીરમાં સીમાકંનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિધાનસભાની ચૂંટણીઓ અને જમ્મુ કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની ચર્ચા કરવામાં આવી હતી.
- ભૂતકાળમાં જમ્મુ કાશ્મીરમાં સીમાંકન પ્રક્રિયા જમ્મુ કાશ્મીરની વિશેષ સ્થિતિને કારણે દેશના બાકીના ભાગોથી થોડી અલગ હતી.
- અનુચ્છેદ-370 રદ્ થયા પહેલા જમ્મુ કાશ્મીરમાં લોકસભા બેઠકનું સિમાંકન ભારતીય બંધારણ દ્વારા થતું હતું પરંતુ ત્યાની વિધાનસભાની બેઠકોનું સિમાંકન 'જમ્મુ કાશ્મીરનું બંધારણ' અને 'જમ્મુ કાશ્મીર જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1957' દ્વારા કરવામાં આવતું હતું.
- જોકે 5 ઓગસ્ટ 2019ના રોજ અનુચ્છેદ-370 હેઠળ તેના વિશેષ દરજ્જો રદ્ કર્યા પછી જમ્મુ કાશ્મીરને બે ભાગમાં વિભાજિત કરી બે નવા કેન્દ્રશાસિત પ્રદેશ (જમ્મુ કાશ્મીર અને લદ્દાખ) બનાવવામાંા આવ્યા હતા.
- ત્યારબાદ 6 માર્ચ 2020ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા અને સંસદની બેઠકો બનાવવા માટે વિશેષ સીમાંકન આયોગની રચના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સીમાંકન (Delimitation)

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ સીમાંકન એ દેશ કે પ્રાંતમાં વિધાનસભા મંડળ ધરાવતા પ્રાદેશિક મતવિસ્તારો (વિધાનસભા અથવા લોકસભા) બેઠકની સીમાઓ નક્કી કરવા અથવા તેને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું કાર્ય કરે છે.

- સીમાંકનનો મુખ્ય ઉદ્દેશ સમય સાથે થયેલા વસતીમાં ફેરફારને ધ્યાનમાં લીધા વિના તમામ નાગરિકોને સમાન પ્રતિનિધિત્વની ખાતરી આપવાનો છે.
- સીમાંકન અભ્યાસ (Delimitain Exrcise) એક સ્વતંત્ર ઉચ્ચ–શક્તિવાળી પેનલ દ્વારા હાથ ધરવામાં આવે છે. જેને 'સીમાંકન આયોગ' (Delimation Commission) તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 82 અંતર્ગત સંસદને સત્તા આપવામાં આવી છે કે પ્રત્યેક વસતી ગણતરી બાદ વિવિધ રાજ્યોની લોકસભાની બેઠકોની પુનઃફાળવણી કરવા માટે સંસદ કાયદો ઘડીને સીમાંકન આયોગની રચના કરી શકે છે.
- જ્યારે અનુચ્છેદ 170 હેઠળ રાજ્યોને દરેક વસતી ગણતરી પછી સીમાંકન અધિનિયમ મુજબ પ્રાદેશિક મત વિસ્તારોમાં વિભાજિત કરવામાં આવે છે.

- સીમાંકન આયોગની રચના ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે અને ભારતના ચૂંટણીપંચના સહયોગથી કાર્ય કરે છે.
- સીમાંકન આયોગમાં સુપ્રીમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ, મુખ્ય ચૂંટણી કમિશનર અને સંબંધિત રાજ્યના ચૂંટણી કમિશનર હોય છે.
- આયોગના આદેશો કાયદા તરીકે જારી કરવામાં આવે છે. આ આદેશોને કોઈપણ અદાલતોમાં પડકારી શકાય નહીં.

## સીમાંકન આયોગનો ઈતિહાસ

સ્વતંત્રતા બાદ ભારતમાં આજ સુધી ચાર સીમાંકન આયોગની રચના કરવામાં આવી છે.

- પ્રથમ સીમાંકન આયોગની રચના વર્ષ 1952માં 'સીમાંકન આયોગ અધિનિયમ, 1952' હેઠળ કરવામાં આવી હતી.
- 'સીમાંકન અયોગ અધિનિયમ, 1962' હેઠળ વર્ષ 1963માં બીજા સીમાંકન આયોગની રચના કરવામાં આવી હતી.
- 'સીમાંકન આયોગ અધિનિયમ, 1972' હેઠળ વર્ષ 1973માં ત્રીજા સીમાંકન આયોગની રચના કરવામાં આવી હતી.
- ચોથા સીમાંકન આયોગની રચના વર્ષ 2002માં 'સીમાંકન આયોગ અધિનિયમ, 2002' હેઠળ કરવામાં આવી હતી.

નોંધ : (1) 84માં બંધારણીય સુધારા દ્વારા લોકસભા અને રાજ્ય વિધાનસભામાં બેઠકની ફાળવણીને વર્ષ 2026 સુધી યથાવત રાખવાની જોગવાઈ કરવામાં આવી હતી.

(2) વર્ષ 1981 અને 1991ની વસતી ગણતરી બાદ સીમાંકન કરવામાં આવ્યું ન હતું.

## ગુજરાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થી કેન્દ્ર

તાજેતરમાં ગુજરાતના 'ગિફ્ટ સિટી' માં 'ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી' અને 'ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર ઓથોરિટી' વચ્ચે સમજૂતી પત્ર (MOU) હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- આ MOU નો મુખ્ય ઉદ્દેશ સંયુક્ત રીતે 'ગુજરાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થી કેન્દ્ર' (GIMAC)ની સ્થાપનાને સમર્થન કરવાનો છે.
- તે દરિયાઈ અને શિપિંગ ક્ષેત્રને લગતા વિવાદોમાં મધ્યસ્થી (લવાદી) કાર્યવાહી સંભાળનાર દેશમાં આ પ્રકારનું પહેલું કેન્દ્ર હશે.
- મધ્યસ્થતા કેન્દ્ર ગાંધીનગર સ્થિત 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ' દ્વારા ગિફ્ટ સિટી ખાતે સ્થાપવામાં આવેલા દરિયાઈ ક્લસ્ટરનો એક ભાગ હશે.
- તેનો મુખ્ય ઉદ્દેશ દરિયાઈ અને શિપિંગ વિવાદો પર કેન્દ્રિત વૈશ્વિક કક્ષાના કેન્દ્રની સ્થાપના કરવાનો છે, જે ભારતમાં કાર્યરત કંપનીઓ વચ્ચે વ્યાપારી અને નાણાકીય તકરારને દૂર કરવામાં મદદ કરશે.
- આ મધ્યસ્થા કેન્દ્રની સ્થાપનાના કારણે વિવાદોનું ઝડપી નિરાકરણ અને કોર્ટના કામના ભારણમાં ઘટાડો થશે.
- મધ્યસ્થતા (લવાદ) એ વિવાદ નિવારણ પધ્ધતિનો એક પ્રકાર છે. જ્યાં બે અથવા વધુ પક્ષો વચ્ચે ઉદ્‌ભવતા વિવાદો રાજ્ય કાનુની સંસ્થાઓને બદલે તેમના દ્વારા નિયુક્ત મધ્યસ્થતા દ્વારા ઉકેલ લાવવામાં આવે છે.

નોંધ : (1) ભારતમાં અત્યાર સુધીના દરિયાઈ અને શિપિંગ વિવાદોને લગતા લવાદ કેસોની સુનાવણી 'સિંગાપોર મધ્યસ્થા કેન્દ્ર'માં કરવામાં આવતી હતી.

(2) વૈશ્વિક સ્તરે લંડનને દરિયાઈ અને શિપિંગ ક્ષેત્ર માટે મધ્યસ્થતાનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર માનવામાં આવે છે.

## કેરળનો કવલ પ્લસ કાર્યક્રમ

તાજેતરમાં કેરળના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા કેરળના બે જિલ્લામાં 'કવલ પ્લસ કાર્યક્રમ' (Kaval Plus Programme) શરૂ કરવામાં આવ્યો હતો.

- ત્યારબાદ આ પાયલોટ પ્રોજેક્ટની સફળતા બાદ કવલ પ્લસ પ્રોગ્રામને પાંચ જિલ્લામાં વિસ્તૃત કરવાનો નિર્ણય કર્યો છે.
- સંભાળ અને સુરક્ષાની જરૂરિયાતવાળા બાળકો અને જાતીય શોષણનો ભોગ બનેલા બાળકોને સાકલ્યવાદી સહાય પ્રદાન કરવાનો તે એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે.
- ડિસેમ્બર 2020માં કેરળના તિરુવનંતપુરમ અને પલક્કડ જિલ્લામાં શરૂ થયો હતો.
- આ કાર્યક્રમ અંતર્ગત આશા અને આંગણવાડી કાર્યકરો જેવા સામુદાયીક કક્ષાના કાર્યકરોની મદદથી પ્રાંરભિક ઓળખ પધ્ધતિ પણ શરૂ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટને બાળકો સાથે કામ કરવાનો અનુભવ ધરાવતા (NGO)ની સહાય અને સમર્થન સાથે અમલમાં મુકવામાં આવશે.
- બાળ સુરક્ષા અધિકારી, બાળ કલ્યાણ સમિતિ અને સંરક્ષણ અધિકારીની બનેલી એક સમિતિ દ્વારા દરેક જિલ્લામાં બે એનજીઓની પંસદગી કરવામાં આવશે.
- આ એનજીઓ બાળ સુરક્ષા એજન્સીઓના સહયોગથી કાર્ય કરશે.

ICE COMPETITIVE EXAMS




# FRIDAY Questions

1. 'વિશ્વ પાંડુરોગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન **(C)**

3. તાજેતરમાં ભારતના કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં સીમાંકન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે ?

(A) જમ્મુ કાશ્મીર (B) દિલ્હી (C) લક્ષદ્વીપ (D) પુડુચેરી **(A)**

4. ભારતમાં અત્યાર સુધી કેટલી વખત સીમાકંન આયોગની રચના કરવામાં આવી છે ?

(A) 2 (B) 4 (C) 6 (D) 8 **(B)**

5. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત સંસદને સત્તા આપવામાં આવી છે કે પ્રત્યેક વસતી ગણતરી બાદ વિવિધ રાજ્યોની લોકસભાની બેઠકોની પુનઃગોઠવણી કરવા માટે સંસદ કાયદો ઘડીને સીમાંકન આયોગની રચના કરી શકે છે ?

(A) અનુચ્છેદ-78 (B) અનુચ્છેદ-79 (C) અનુચ્છેદ-81 (D) અનુચ્છેદ-82 **(D)**

6. સીમાકંન આયોગની નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) સીમાંકન આયોગની રચના ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે અને ભારતના ચૂંટણી પંચના સહયોગથી કાર્ય કરે છે.

(B) આ આયોગમાં સુપ્રીમકોર્ટના નિવૃત ન્યાયાધીશ, મુખ્ય ચૂંટણી કમિશનર અને સંબંધિત રાજ્યના ચૂંટણી કમિશનર હોય છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

7. દરિયાઈ અને શિપિંગક્ષેત્રને લગતા વિવાદોના નિરાકરણ માટે કયુ મધ્યસ્થી (લવાદ) કેન્દ્ર સ્થાપવામાં આવશે ?

(A) ગુજરાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થી કેન્દ્ર (B) મહારાષ્ટ્ર આંતરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થી કેન્દ્ર

(C) કેરળ આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થી કેન્દ્ર (D) તમિલનાડુ આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થી કેન્દ્ર **(A)**

8. 'કવલ પ્લસ કાર્યક્રમ' કયા રાજ્યનો કાર્યક્રમ છે ?

(A) તમિલનાડુ (B) કેરળ (C) આંધ્રપ્રદેશ (D) મધ્યપ્રદેશ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 26 જૂન, (1) વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન
(International Day Against Drug Abuse and Illicit Trafficking)
(2) ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ
(International Day in Support of Victims of Torture)
(3) વિશ્વ રેફ્રિજરેશન દિવસ (World Refrigeration Day)

### વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 26 જૂનના રોજ 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેનો મુખ્ય ઉદેશ આંતરરાષ્ટ્રીય સ્તરે નશીલી દવાઓમાં છુટકારો મેળવવો અને સામાજિક સશક્તિકરણ પર ભાર મુકવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રએ 7 ડિસેમ્બર, 1987ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1989 થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસને 'વિશ્વ ડ્રગ દિવસ' (World Drug Day) તરીકે પણ ઉજવવામાં આવે છે.
- આ દિવસ નિમિત્તે સમગ્ર વિશ્વમાં વિવિધ સમુદાયો અને સંસ્થાઓ પ્રાદેશિક સ્તરે લોકોને ડ્રગ પ્રત્યે જાગૃત કરવા માટે વિવિધ કાર્યક્રમો ચલાવે છે.

## DRDOએ પિનાકા રોકેટ (Pinaka Rockets) નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ

25 જૂન 2021 ના રોજ DRDO એ પિનાકા રોકેટના વિસ્તૃત રેન્જ સંસ્કરણનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.

- ભારતમાં ઓડિશાના ચાંદીપુર ખાતે આવેલી Integrated Test Range (ITR) પરથી આ રોકેટનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત DRDO એ જુદા–જુદા લક્ષ્યો સામે 25 અદ્યતન પિનાકા રોકેટનું પરિક્ષણ કર્યુ છે.
- મલ્ટિ બેરલ રોકેટ લોન્ચર (MBRL) ની સહાયતાથી 122 મીલીમીટર કેલિબરનું આ રોકેટ લોન્ચ કરાયું હતું.

### અદ્યતન પિનાકા રોકેટ સિસ્ટમ

હાઈ એનર્જી મટિરિયલ્સ રિસર્ચ લેબોરેટરી (HEMRL) ના સહયોગથી પુણે સ્થિત 'આર્મમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ' (ARDE) દ્વારા આ પિનાકા રોકેટ સિસ્ટમનું અદ્યતન રેન્જ વર્ઝન વિકસાવવામાં આવ્યું છે.

- આ નવા વર્ઝનના નિર્માણ માટે તેમને નાગપુરના ઈકોનોમિક એક્સપ્લોઝિવ લિમિટેડ તરફથી મેન્યુફેકચરિંગ સપોર્ટ મળ્યો હતો.
- આ સિસ્ટમ 45 કિલોમીટરના અંતરે મૂકાયેલા લક્ષ્યોને નષ્ટ કરી શકે છે.

## પિનાકા (Pinaka)

પિનાકા (Pinaka) એ ભારતની Multi-Barrel Rocket launcher (MNRL) સિસ્ટમ છે.

- પિનાકા રોકેટ એ આ સિસ્ટમનો એક ભાગ છે.
- ભારતની આર્મી માટે ભારતમાં **DRDO** દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- તેની હથિયાર પ્રણાલીમાં એક અદ્યતન માર્ગદર્શન કીટ, અદ્યતન નેવિગેશન અને નિયંત્રણ સિસ્ટમ શામેલ છે.
- આ મિસાઈલની નેવિગેશન પ્રણાલીને 'ભારતીય પ્રાદેશિક નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ' (IRNSS) દ્વારા મદદ કરવામાં આવે છે.
- આ હથિયાર પ્રણાલીના પ્રારંભિક વર્ઝનને 'પિનાકા– 1' અથવા તો 'પિનાકા–માર્ક–1' તરીકે ઓળખવામાં આવતું હતું.
- પિનાકા માર્ક–1 ની રેન્જ 40 કિમી જેટલી છે.
- જ્યારે પિનાકા માર્ક– 2ની રેન્જ 70 થી 80 કિ.મી સુધી વધારી દેવામાં આવી છે.

નોંધ : (1) ભારતમાં કારગીલ વોર દરમિયાન આ રોકેટ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(2) આ સિસ્ટમ દ્વારા માત્ર 44 સેકન્ડમાં એક સાથે 12 રોકેટ લોન્ચ કરી શકાય છે. આ સિસ્ટમને ટ્રક પર ગોઠવીને તેનો ગમે ત્યાં સ્થળે ઉપયોગ થઈ શકે છે.

## ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ : INS વિક્રાંત

તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહે 'આત્મનિર્ભર ભારત' અભિયાનના ભાગરૂપે બનાવવામાં આવેલા સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંત (IAC-1) પર ચાલી રહેલા કામની સમીક્ષા કરી હતી.

- આ INS વિક્રાંત જહાજ વર્ષ 2022 સુધીમાં કાર્યરત થવાની સંભાવના છે.
- ભારત પાસે હાલમાં આવું એક જ વિમાનવાહક જહાજ છે જે રશિયન મૂળનું INS વિક્રમાદિત્ય છે.

### INS વિક્રાંત

આ સ્વદેશી વિમાનવાહક જહાજનું નામ નૌસેનાનું પ્રથમ વાહક જહાજ 'વિક્રાંત'ના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- INS વિક્રાંતને 'સ્વદેશી વિમાન વાહક–' (IAC-1) પણ કહેવામાં આવે છે.
- આ જહાજનું નિર્માણ કેરળના કોચીમાં 'કોચિન શિપયાર્ડ' દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- ભારતમાં નિર્માણ પામનાર આ પ્રથમ વિમાનવાહક જહાજ છે.
- આ વિમાન જહાજમાં વિમાન કામગીરી નિયંત્રિત કરવા માટે 'રનવે' અને 'શોર્ટ ટેક ઓફ બટ અરેસ્ટેડ રિકવરી' સિસ્ટમ પણ ઉપલબ્ધ છે.
- IACનું આદર્શ વાક્ય 'જયમા સમ યુધિ સ્પર્ધા' છે. એટલે કે 'મારી સામે લડનારાઓને હું હરાવીશ'.
- INS વિક્રાંતની ડિઝાઈન પર કામ વર્ષ 1999માં શરૂ થયું હતું. અને તેનો પાયો ફેબ્રુઆરી 2009માં નખાયો હતો.
- તેના બેસિન ટ્રાયલ્સ ડિસેમ્બર 2020માં પૂર્ણ થયા હતા.


નોંધ : આ INS વિક્રાંત વિમાનવાહક જહાજમાં 30 વિમાનનો એર કમ્પોનન્ટ હશે, જેમાં સ્વદેશી અદ્યતન લાઈટ હેલિકોપ્ટર ઉપરાંત મિગ–29K ફાઈટર જેટ, કામોવ 31 એરબોર્ન અર્લી વોર્નિંગ હેલિકોપ્ટર અને MH– 60R મલ્ટીરોલ હેલિકોપ્ટરનો સમાવેશ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈઝરાયલમાં એક નવી માનવ પ્રજાતિ મળી

પુરાતત્ત્વોવિદોના આંતરરાષ્ટ્રીય જૂથે ઈઝરાયલમાં એક નવી માનવ પ્રજાતિ શોધી કાઢી છે.

- ઈઝરાયલના નેશેર રામલા નામના સ્થળે ખોદકામ દરમિયાન પુરાતત્ત્વવિદોને એક ખોપડી મળી છે.
- આંતરરાષ્ટ્રીય પુરાતત્ત્વવિદોએ આ માનવ ખોપડીની તપાસ કરતા તે માનવપ્રજાતિના મુખ્ય બે પૂર્વજો નિયેન્ડરથલ અને હોમોસેપિયન્સ કરતા ખૂબ જુદી હોવાનું જાણવા મળ્યું હતું.
- એટલે કે આ અવશેષ ન તો નિયેન્ડરથલ પ્રજાતિના છે કે ન તો હોમોસેપિયન્સ જાતિના છે.
- આ પ્રજાતિને માનવ વિકાસના ઈતિહાસનો મહત્વપૂર્ણ ઘટક માનવા આવે છે.
- એક અંદાજ મુજબ તેઓ લગભગ **4,20,000 થી 1,20,000** વર્ષ પૂર્વે રહેતા હતા.
- પુરાતત્ત્વવિદોએ ખોપરીના ટુકડા શોધ્યા તેમાં જમણા પેરીટલનો પણ સમાવેશ થાય છે.
- સંશોધનકારોના જણાવ્યા મુજબ ઈઝરાયલના અન્ય સ્થળેથી મળેલા લેડી ઓફ તાબુનના જેવા અવશેષો આ નવી શોધાયેલ માનવ પ્રજાતિનો ભાગ હોઈ શકે છે.
- પુરાતત્ત્વવિદ યુસુરા **(Yusra)**એ વર્ષ **1932**માં 'લેડી ઓફ તાબુન'ની શોધ કરી હતી.
- નોંધનીય છે કે સંશોધનકારોના જણાવ્યા અનુસાર આ અવશેષ મળી આવ્યા પછી માનવ ઉત્ક્રાંતિનો ઈતિહાસ નવેસરથી સમજવાની ફરજ પડશે.



1. 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન (B)

2. 'ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 જૂન (B) 27 જૂન (C) 28 જૂન (D) 29 જૂન (A)

3. 'વર્લ્ડ રેફ્રિજરેશન ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 જૂન (B) 25 જૂન (C) 26 જૂન (D) 27 જૂન (C)

4. 25 જૂન 2021ના રોજ ભારતે કયા રોકેટના એડવાન્સડ્ વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યુ છે ?

(A) ધ્રુવા (B) ધ્રુવાસ્ત્ર (C) વિનાન (D) પિનાકા (D)

5. 25 જૂન 2021ના રોજ ભારતે પિનાકા રોકેટનું ક્યાંથી સફળ પરીક્ષણ કર્યુ છે ?

(A) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ (B) ચાંદીપુર, ઓડિશા

(C) વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ (D) તિરુવનંતપુરમ, કેરળ (B)

6. ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ 'INS વિક્રાત' કયા વર્ષ સુધીમાં કાર્યરત થવાની સંભાવના છે ?

(A) વર્ષ 2022 (B) વર્ષ 2024 (C) વર્ષ 2026 (D) વર્ષ 2028 (A)

7. INS વિક્રાંત શું છે ?

(A) રશિયા દ્વારા નિર્મિત ભારતની સબમરિન

(B) ઈઝરાયલ દ્વારા નિર્મિત ભારતની સબમરિન

(C) રશિયા દ્વારા નિર્મિત ભારતનું વિમાનવાહક જહાજ

(D) ભારત દ્વારા સ્વદેશી રીતે નિર્મિત ભારતનું વિમાનવાહક જહાજ (D)

8. તાજેતરમાં કયા દેશમાંથી માનવીની એક નવી પ્રજાતિ મળી આવી છે ?

(A) ઈઝરાયલ (B) ઈરાક (C) ચીન (D) ઈજિપ્ત (A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **આદિજાતિ વિસ્તારના વનબંધુ ખેડુતોના લાભાર્થે કૃષિ વૈવિધ્યકરણ યોજના-2021નો પ્રાંરભ**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કૃષિ વૈવિધ્યકરણ યોજના–2021નો શુભારંભ કર્યો છે. આ યોજનાનો પ્રાંરભ કરતા મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું કે આ યોજનાનો લાભ ગુજરાતના અંબાજીથી ઉમરગામ સુધીના 14 આદિજાતિ જિલ્લાના 1,26,000 થી વધુ વનબંધુ કિસાનોને મળશે. કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત આદિવાસી ખેડૂતોને 31 કરોડની ખાતર–બિયારણ સહાય મળશે. જેમાં ખાતરમાં 45 કિલોગ્રામ યુરિયા, 50 કિલોગ્રામ એન.પી.કે અને 50 કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટની કીટ આપવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે છેલ્લા 10 વર્ષમાં 10 લાખ આદિજાતિ ખેડૂતોને રૂપિયા 250 કરોડની સહાય આપવામાં આવી છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, નવસારી, સુરત, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાના આદિજાતિ ખેડૂતોને સંબોધન કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નારગોલ બંદરને ગ્રીનફિલ્ડ બંદર તરીકે વિકસાવવા મંજૂરી**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વલસાડ જિલ્લાના નારગોલને ગ્રીનફિલ્ડ પોર્ટ તરીકે વિકસાવવાની સૈધ્ધાંતિક મંજૂરી આપી છે. આ પોર્ટને પીપીપી મોડલ પર BOOT (બિલ્ડ, ઓન, ઓપરેટ, ટ્રાન્સફર) ધોરણે વિકસાવાશે, જે માટે ગ્લોબલ બિડીંગ પ્રોસેસ દ્વારા પારદર્શી અને ફલેકસીબલ પ્રક્રિયાથી પોર્ટ ડેવલપરની પંસદગી કરવામાં આવશે. નારગોલ ગ્રિનફિલ્ડ પોર્ટમાં પ્રથમ ફેઈઝમાં રૂ. 3800 કરોડના સંભાવિત રોકાણ સાથે આ પોર્ટ મલ્ટીફંકશન પોર્ટ તરીકે કાર્યરત થશે અને સોલીડ, લીકવીડ તેમજ કન્ટેઈનર કાર્ગો હેન્ડલીંગ માટે સક્ષમ બનશે. આ પ્રથમ ફેઈઝમાં 40 મિલિયન ટન કાર્ગો હેન્ડલીંગ ક્ષમતા આ પોર્ટ પર વિકસાવવાનું આયોજન છે. નારગોલ પોર્ટ (બંદર) દિલ્હી–મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડર (DMIC) અને ડેટીકેટેડ ફ્રેઈડ કોરીડર–ડી.એફ. આઈ.સી.ના રૂટ પરનું એક વ્યૂહાત્મક પોર્ટ છે.

## ભારત

➤ **સામાજિક ન્યાય મંત્રાલયે 'દિવ્યાંગ ખેલ કેન્દ્ર'ની સ્થાપના કરી.**

કેન્દ્રીય અને સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી શ્રી થાવરચંદ ગેહલોતે રમત ગમતમાં દિવ્યાંગજનોના હિત અને પેરાઓલિમ્પિક્સમાં તેમના સારા પ્રદર્શનની દિશામાં કામ કરવા માટે દેશભરમાં 'દિવ્યાંગ ખેલ કેન્દ્ર'ની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી. જેનું પ્રથમ કેન્દ્ર અમદાવાદ શહેર ખુલશે. આ જાહેરાત તેમણે ગુજરાતમાં વર્ચ્યુઅલ રીતે 'સામાજિક સશક્તિકરણ શિબિર'ને સંબોધિત કરતી વખતે કરી હતી. આ શિબિરનું આયોજન સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયની ADIP યોજના હેઠળ દિવ્યાંગજનોને સહાય અને સહાયક ઉપકરણોના વિતરણ માટે કરવામાં આવ્યું હતું. તે ALIMCO અને જિલ્લા વહીવટ જામનગરના વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ **ભારતમાં 'Yellow Gold 48' નામના પીળા તરબૂચ વ્યાવસાયિક રૂપે રજૂ કરવામાં આવ્યા**

જર્મન એગ્રોકેમિકલ્સ કંપની બાયરે સેમિનીસ બ્રાન્ડ હેઠળ ભારતમાં વ્યાવસાયિક રૂપે 'Yellow Gold-48' નામનો પીળો તરબૂચ રજૂ કર્યો છે. બાયર (Bayer)ના વૈશ્વિક સંશોધન અને વિકાસના પ્રયત્નો ભારરૂપે પીળા તરબૂચને સુધારેલ જર્મપ્લાઝમથી વિકસાવવામાં આવ્યો છે. સ્થાનિક પરીક્ષણના બે વર્ષ પછી ભારતમાં પીળા તરબૂચની વિવિધતા વ્યાપારી રૂપે રજૂ કરવામાં આવી છે. ઓક્ટોબર થી ફેબ્રુઆરી દરમિયાન 'Yellow Gold 48' તરબૂચની ખેતી માટે શ્રેષ્ઠ અનુકુળ સમયગાળો છે. આ પ્રકારના તરબૂચથી ઉંચી ઉપજ અને આવકની વધુ સંભાવના છે. આ તરબૂચનું સરેરાશ વજન 2.5 થી 4 કિલો સુધીનું હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પેસેજ નેવલ અભ્યાસ (Passage naval Exercise)**

ભારત અને અમેરિકા ટૂંક સમયમાં 'પેસેજ નેવલ અભ્યાસ (Passage Naval Exercise)નું આયોજન કરશે. ભારતીય નૌસેના અમેરિકાની નૌસેનાના 'રોનાલ્ડ રેગન કેરીઅર સ્ટ્રાઈક ગ્રુપ' (Ronald Regan Carrier Strike Group) સાથે અભ્યાસ અથવા કવાયતમાં ભાગ લેવા માટે દરિયાઈ પેટ્રોલિંગ વાહનો અને અન્ય વિમાનો લઈ જશે. નોંધનીય છે કે આ અગાઉ ભારતીય નૌસેનાએ જાપાન અને ફ્રેન્ચ નૌકાદળ સાથે 'Passex' યુધ્ધ અભ્યાસનું આયોજન કર્યુ હતું. આ અગાઉ વર્ષ 2020માં પણ ભારત અમેરિકા વચ્ચે 'Passage' કવાયત યોજવામાં આવી હતી. Passage અથવા Passex કવાયત ભારત અને અમેરિકા વચ્ચે 2 દિવસ માટે યોજાશે. જેનો મુખ્ય ઉદ્દેશ સમુદ્રી ઓપરેશનના માધ્યમથી એકીકૃત અને સંકલન કરવાની ક્ષમતા પ્રદર્શન કરીને દ્રીપક્ષીય સંબધો મજબૂત બનાવવાનો છે.

➤ **ક્વિાક સ્ટીલ્થ ફ્રિગેટ**

તાજેતરમાં નેવલ સ્ટાફના વાઈસ ચીફ દ્વારા ક્વિાક અથવા તલવાર વર્ગના બીજા યુધ્ધ જહાજનાં નિર્માણ કાર્યનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. પ્રથમ યુધ્ધ જહાજનું બાંધકામ જાન્યુઆરી 2021માં શરૂ થયું હતું. 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા રશિયાથી ટેક્નોલોજી ટ્રાન્સફર સાથે ક્વિાગ વર્ગ સ્ટીલ્થ શિપ બનાવી રહ્યું છે. જહાજોના એન્જિન યુક્રેન દ્વારા પૂરા પાડવામાં આવશે. ઓક્ટોબર 2016માં ભારત અને રશિયાએ ચાર ક્વિાક અથવા સ્ટીલ્થ ફ્રિગેટસ માટે આંતર સરકારી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પ્રથમ બે યુધ્ધ જહાજો રશિયાના કાલિનિનગ્રાડ યંતર શિપયાર્ડમાં બનાવવામાં આવશે. જ્યારે અન્ય બે યુધ્ધ જહાજો ગોવા શિપયાર્ડ લિમિટેડમાં બનાવવામાં આવશે.

➤ **ભારત અને ભૂટાને 'Tax Inspectors Without Borders' પહેલ શરૂ કરી.**

ભારત અને ભૂટાન સંયુક્ત રીતે 23 જૂન, 2021ના રોજ 'Tax Inspectors Without Borders' (TIWB) પહેલ લોન્ચ કરી છે. TIWB એ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) અને આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (OECD)ની સંયુક્ત પહેલ છે. તે વિકાશીલ દેશોને ઓડિટ ક્ષમતાના નિર્માણ દ્વારા રાષ્ટ્રીય કર વહીવટને મજબુત બનાવવા માટે સહાય પ્રદાન કરે છે. આ ઉપરાંત તે ટેક્સની બાબતોમાં સહકાર મજબૂત કરવા અને ઘરેલું ટેક્સ એકત્રીકરણના પ્રયત્નોમાં ફાળો આપવા આંતરરાષ્ટ્રીય સમુદાયના પ્રયત્નોને પૂર્ણ કરે છે. નોંધનીય છે કે ભૂટાને આ કાર્યક્રમની શરૂઆત કરી હતી અને ભારતને ભાગીદારક્ષેત્ર તરીકે પંસદ કર્યુ હતું. આ કાર્યક્રમ લગભગ 24 મહિના ચાલશે. આ કાર્યક્રમ અંતર્ગત ભારતે UNDP અને TIWB સચિવાલયના સહયોગથી ભૂટાનને તેના કર વહીવટને મજબૂત બનાવવા માટે સહાય પ્રદાન કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કેબિનેટે 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKY) 4.0' ની મંજૂરી આપી**

કેન્દ્ર સરકારે જુલાઈ 2021 થી નવેમ્બર 2021સુધીના પાંચ મહિનાના વધુ સમયગાળા માટે વધારાના અનાજની ફાળવણી માટે PMGKY 4.0 ની મંજૂરી આપી છે. આ અંતર્ગત દર મહિને વ્યક્તિ દીઠ 5 કિલ્લોના દરે નિઃશુલ્ક અનાજ આપવામાં આવશે. આ યોજનાના ચોથા તબક્કામાં 35 કરોડ લાભાર્થીઓને લાભ થશે. જેમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, અંત્યોદય અન્ન યોજના અને અગ્રતા પરિવારો હેઠળના લાભાર્થીઓનો સમાવેશ થાય છે. કોવિડ-19 સામે લડવામાં ગરીબોને મદદ કરવા માટે 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં આ યોજના ત્રણ મહિના એટલે કે એપ્રિલ, મે અને જૂન 2020ના સમયગાળા માટે જાહેર કરવામાં આવી હતી. જેમાં 80 કરોડ રેશનકાર્ડ ધારકો સામેલ છે.

➤ **નીતિ આયોગે મોટાપા (જાડાપણું) નિવારણ પર રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કર્યું**

તાજેતરમાં માતા, કિશોર અને બાળપણમાં જાડાપણું રોકવા માટે નીતિ આયોગ દ્વારા રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન ડો. વી. કે. પોલની અધ્યક્ષતામાં અને ડો. આર. હેમલતાની સહ અધ્યક્ષતામાં આયોજના કરવામાં આવ્યું હતું. નીતિ આયોગે જાડાપણુ (મોટાપા)ને 'મૌન મહામારી' (Silent Epidemic) તરીકે ગણાવ્યુ હતું. આ પરિષદ અને રાષ્ટ્રીય સંસ્થાઓ અને કેન્દ્રીય મંત્રાલયોના પ્રતિનિધિઓએ સ્થૂળતાના વધાતા વ્યાપ અને મેદસ્વીપણાને ઘટાડવા માટેની શ્રેષ્ઠ પધ્ધતિઓ અંગેના પુરાવા રજૂ કર્યા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ન્યુટ્રિશન દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વેમાં જણાવ્યુ છે કે ગ્રામિણ વિસ્તારની તુલનામાં શહેરીઓ ચરબીનો વધુ વપરાશ કરે છે.

## વિશ્વ

➤ **ચિલી (Chile) દેશ તેમના નવા બંધારણનો મુસદ્દો તૈયાર કરશે.**

ચિલીના રાષ્ટ્રપતિ શ્રી સેબેસ્ટિયન પિનેરાના જણાવ્યા અનુસાર ચિલીની વિધાનપાલીક દેશના નવા બંધારણનો મુદ્દો તૈયાર કરશે. જે ઓગસ્ટો પિનચેટના સરમુખત્યારશાહીના વારસામાંથી મળેલ બંધારણની જગ્યા લેશે. તેનું પ્રથમ છત્ર 4 જુલાઈના રોજ મળશે. ચિલીમાં વર્ષ 2019માં અસમાનતા સામેના વિરોધ પછી વ્યાપક રાજકીય સહમતી બાદ બંધારણના પુનર્લેખનની માંગ કરવામાં આવી હતી. આ માટે 25 ઓક્ટોબર, 2020ના રોજ નવા બંધારણના નિર્માણમાં 78% લોકોએ મતદાન કર્યુ હતું. ચિલી પશ્ચિમ–દક્ષિણ અમેરિકામાં સ્થિત એક દેશ છે. તેની રાજધાની અને સૌથી મોટું શહેર સેન્ટિયાગો છે. ચિલીને 'તામ્ર દેશ' (Copper Country) તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સ્વીડનના વડાપ્રધાન શ્રી સ્ટેફન લોફ્વેનએ વિશ્વાસનો મત ગુમાવ્યો**

સ્વીડનના વડાપ્રધાન શ્રી સ્ટીફન લોફવેન (Stefan Lofven) વિશ્વાસનો મત ગુમાવનાર પ્રથમ સ્વીડિશ વડાપ્રધાન બન્યા છે. સ્વીડન ડેમોક્રેટ્સ પાર્ટી દ્વારા સ્ટેફન લોફ્વેનની સરકાર વિરુધ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. સ્વીડનની 349 બેઠકોની સંસદમાં 181 સંસદોએ તેમની વિરુધ્ધમાં મત આપ્યો હતો. જ્યારે 109 સંસદોએ તેમને મત આપ્યો હતો. તથા 51 સંસદ ગેર હાજર રહ્યા હતા. સ્વીડનની સંસદને 'રિકસડેગ' કહેવામાં આવે છે.

➤ **ઈઝરાયલે 'Airborne High-Power Laser' નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ**

તાજેતરમાં ઈઝરાયલના સૈન્યએ એક હાઈ–પાવર લેઝર (High-Power Laser)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે. જે ડ્રોન પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. ઈઝરાયલ પાસે પહેલેથી જ એક મોટી અને અદ્યતન હવાઈ સંરક્ષણ સિસ્ટમ છે. આ લેસરને એલ્બિટ સિસ્ટમ સાથે વિકસિત કરવામાં આવી છે. પરિક્ષણ દરમિયાન આ લેઝરને એક નાગરિક વિમાનમાં રાખવામાં આવ્યું હતું અને તેના દ્વારા એક ડ્રોન પર સફળતાપૂર્વક પ્રહાર કરવામાં આવ્યો હતો. લેસર અથવા લેઝર હથિયાર એ લેસર પર આધારિત એક નિર્દેશિત ઉર્જા શસ્ત્ર છે.

➤ **ઈબોલા વાયરસ**

તાજેતરમાં WHOએ જાહેરાત કરી હતી કે ફેબ્રુઆરી 2021માં ગિનીમાં ફેલાયેલો ઈબોલા વાયરસની સમાપ્તિ થઈ ગઈ છે. વર્ષ 2013 થી 2016 દરમિયાન ઈબોલાની પ્રથમ લહેરમાં 11,300 લોકો માર્યા ગયા હતા. જે મુખ્યત્વે ગિની, સિએરા લિયોન અને લાઈબેરિયાના લોકો હતા. ઈબોલા વાયરસ અગાઉ 'ઈબોલા રક્તસ્ત્રાવી તાવ' તરીકે ઓળખાતો હતો. ઈબોલા વાયરસ મનુષ્યમાં ગંભીર અને જીવલેણ રોગ છે. આ વાયરસ વન્ય પ્રાણીઓથી લોકોમાં ફેલાય છે. અને માનવ થી માનવ તેનું સંક્રમણ થાય છે. ઈબોલા વાયરસની સૌપ્રથમ શોધ વર્ષ 1976માં ઈબોલા નદી નજીક એક ગામમાં થઈ હતી. જે વર્તમાન કોંગો ડેમોક્રેટિક રિપબ્લિકમાં સ્થિત છે.

➤ **G-20 શિક્ષણ મંત્રીઓની બેઠક યોજાઈ**

તાજેતરમાં G-20 શિક્ષણ મંત્રીઓની બેઠક મળી હતી. જેમાં મંત્રીઓએ COVID-19 મહામારી વચ્ચે ગુણાવત્તાયુક્ત શિક્ષણની સાત્યતાની ખાતરી કરવા માટે પ્રતિબધ્ધતાને પુનરાવર્તિત કર્યુ હતું. આ બેઠક દરમિયાન મંત્રીઓએ શિક્ષણ અને કાર્યમાં અસમાનતાને દૂર કરવાની તેમની પ્રતિબધ્ધતાને પૃષ્ટિ આપી હતી. આ બેઠકમાં શિક્ષણ રાજ્યમંત્રી શ્રી સંજય ધોત્રીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. આ બેઠકનું આયોજન ઈટલીએ કર્યુ હતું. શિક્ષણ રાજ્યમંત્રી શ્રી સંજય ધોત્રીએ ભારતની નવી શિક્ષણનીતિ અને અનેક કલ્યાણકારી યોજનાઓ પુનરાવર્તિત કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ➤ આદિજાતિ વિસ્તારના વનબંધુ ખેડૂતોના લાભાર્થે 'કૃષિ વૈવિધ્યકરણ યોજના– 2021' અંતર્ગત કેટલા જિલ્લાના ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. – 14
- ➤ 'કૃષિ વૈવિધ્યકરણ યોજના– 2021' અંતર્ગત આદિજાતિ વિસ્તારના વનબંધુ ખેડૂતોને કેટલા કિલોગ્રામ યુરિયા ખાતરની સહાય કરશે ? – 45
- ➤ કયો દેશ તાજેતરમાં તેના નવા બંધારણનો મુસદ્દો તૈયાર કરશે ? – ચિલી
- ➤ તાજેતરમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલયે 'દિવ્યાંગ ખેલ કેન્દ્ર'ની સ્થાપના કરી ? – સામાજિક ન્યાય મંત્રાલયે
- ➤ કયા જર્મન પીળા તરબૂચને ભારતમાં વ્યાવસાયિક રૂપે રજૂ કરવામાં આવ્યા ? – Yellow Gold 48
- ➤ તાજેતરમાં શ્રી સ્ટેફન લોફવેનએ વિશ્વાસનો મત ગુમાવ્યો છે. તે કયા દેશના વડાપ્રધાન હતા ? – સ્વીડન
- ➤ કયા દેશે તાજેતરમાં 'Airborne High-Power Laser' નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ ? – ઈઝરાયલ
- ➤ WHO એ ગિનીમાં ફેલાયેલ કયા વાયરસની સમાપ્તિ જાહેર કરી છે ? – ઈબોલા
- ➤ તાજેતરમાં નેવલ સ્ટાફના વાઈસ ચીફ દ્વારા કયા જહાજના નિર્માણ કર્યનું ઉદ્દ્ઘાટન કર્યુ છે ? – ક્વિાક સ્ટીલ્થ ફ્રિગેટ
- ➤ તાજેતરમાં G20 જૂથના કયા મંત્રીઓની બેઠક યોજાઈ હતી ? – શિક્ષણમંત્રી
- ➤ તાજેતરમાં કેબિનેટે 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' (PMGKY)ના કેટલામાં સંસ્કરણની મંજૂરી આપી છે? – 4.0
- ➤ શ્રી વિજયભાઈ રૂપાણીએ કયા બંદરને ગ્રીનફિલ્ડ બંદર તરીકે વિકસાવવાની મંજૂરી આપી છે ? – નારગોલ
- ➤ તાજેતરમાં કોણે જાડાપણુ (મોટાપા) નિવારણ પર રાષ્ટ્રીય અધિવેશન આયોજન કર્યુ હતું ? – નીતિ આયોગ

# Question Of this Week

1. પ્રધાનમંત્રી દ્વારા શરૂ કરાયેલ 'કોવિડ–19 ફ્રન્ટલાઈન કામદારો માટે ક્રેશ કોર્સ પ્રોગ્રામ' કઈ યોજના હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે ? – પી.એમ કૌશલ વિકાસ યોજના 3.0
2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'વરૂણ' અને 'અસ્સી' નદીઓ ભારતના કયા રાજ્યમાંથી વહે છે ? – ઉત્તરપ્રદેશ
3. ઝાયડસ કેડિલાએ વિશ્વની પ્રથમ DNA આધારિત કઈ રસી તૈયાર કરી છે ? – ZyCov-D
4. તાજેતરમાં કોણે 'નિષ્ઠા' (NISHTHA) કાર્યક્રમ માટે ભાગીદારી કરી છે ?
   – જનજાતિ બાબતોનું મંત્રાલય અને NCERT
   (એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલમાં શૈક્ષણિક ઉત્કૃષ્ઠતા પ્રાપ્ત કરવા માટે આદિજાતિ બાબતોના મંત્રાલય અને NCERT એ ભાગીદારી કરી છે. આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ 3 રાજ્યો અને 120 EMRS શિક્ષકો અને આચાર્ય વચ્ચે શ્રેષ્ઠતા હાંસલ કરવાનું છે. જે અંતર્ગત 40 દિવસમાં 'નિષ્ઠતા' કાર્યક્રમ પૂરો કરવાનું લક્ષ્ય છે. NSHTHA નું પૂરું નામ 'National Initiative for School Heads' & 'Teacher's Holistic Advancement' છે.)
5. 22 જૂન, 2021ના રોજ શરૂ થનાર ગ્રીન હાઈડ્રોજન પહેલ પર સમિટનું આયોજન કઈ દેશ કરશે ? – ભારત
   (ભારત ગ્રીન હાઈડ્રોજન પહેલ પર સમિટનું 22 જૂન, 2021 ના રોજ આયોજન કરશે. આ સમિટમાં બ્રિકસ દેશો પણ હશે.)
6. SEBI એ તાજેતરમાં કઈ પેનલનું પુનર્ગઠન કર્યુ છે ? – Take Over Panal (અધિગ્રહણ પેનલ)
7. કયું રાજ્ય તાજેતરમાં 'આર્થિક સલાહકાર પરિષદ' (Economic Advisory Council)ની સ્થાપના કરશે ? – તમિલનાડુ
8. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં ભારત FDI નો કેટલામો સૌથી મોટો પ્રાપ્તકર્તા દેશ બન્યો છે ? – 5 મો
   (સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ અનુસાર ભારતે વર્ષ 2020માં 64 અબજ ડોલર પ્રાપ્ત કર્યા છે. આ સાથે ભારત વિશ્વભરમાં FDI પ્રવાહનો પાંચામો સૌથી મોટો પ્રાપ્તકર્તા દેશ બન્યો છે.)
9. કયા બે દેશે તાજેતરમાં 'હાઈડ્રોજન ટાસ્ક ફોર્સ' શરૂ કરી છે ? – ભારત–અમેરિકા
10. તાજેતરમાં કયું રાજ્ય મગરની ત્રણ જાતિઓ ધરાવતું એકમાત્ર રાજ્ય બન્યું છે ? – ઓડિશા
11. કયું કેન્દ્રીય મંત્રાલય 'જાન હૈ તો જહાન હૈ' કોવિડ રસીકરણ જાગૃતિ અભિયાન શરૂ કરશે ?
    – લઘુમતિ બાબતોનું મંત્રાલય
12. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ નવું સોફટવેર 'CSS' નું પૂરું નામ જણાવો ?
    – Covid Serverity Score
13. 'Throat Gargle Sample Test' શું છે ? – બાળકોના ગળામાંથી Covid-19 ઓળખ થઈ શકે તેવો ટેસ્ટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. તાજેતરમાં 'ગ્રેટ બેરિયર રીફ' (Great barrier Reef) ચર્ચામાં રહ્યું હતું. તે કયા ખંડના કોરલ સમુદ્રમાં સ્થિત છે ? – ઓસ્ટ્રેલિયા

(સંયુક્ત રાષ્ટ્ર સમિતિએ 'જોખમમાં' વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની સૂચીમાં ગ્રેટ બેરિયર રીફ ઉમેરવાની ભલામણ કરી છે. જેનો ઓસ્ટ્રેલિયાએ વિરોધ કર્યો છે. ગ્રેટ બેરિયર રીફ સૌથી મોટી કોરલ રીફ સિસ્ટમ છે. જેમાં 2900 ખડકો, 900 ટાપુઓ શામેલ છે. તે ઓસ્ટ્રેલિયાના ક્વીન્સલેન્ડના કિનારે આવેલ કોરલ સમુદ્રમાં સ્થિત છે. રીફની રચના નાના જીવોથી બનેલી હોય છે. જેને કોરલ પોલિપ્સ કહેવામાં આવે છે. વર્ષ 1981માં તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે પંસદ કરવામાં આવી હતી.)

15. આસામ રાજ્યએ સ્વામીત્વ યોજનાના અમલ માટે કોની સાથે MOU પર હસ્તાક્ષર કર્યા છે ? – સર્વે ઓફ ઈન્ડિયા

16. કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટિન ટ્રુડોએ ભારતીય મૂળના કયા ન્યાયાધીશને કેનેડાની સુપ્રીમ કોર્ટમાં નામાંકિત કર્યા છે ? – શ્રી મહેમૂદ જમાલ

17. ભારતમાં ઈથેનોલના ઉત્પાદન માટે કયા પાકને વૈકલ્પિક ફીડસ્ટોક સ્ત્રોત તરીકે ઓળખ કરવામાં આવી છે ? – કસાવા

18. 'મુખ્યમંત્રી Covid-19 પરિવાર આર્થિક સહાયતા યોજના' કઈ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં શરૂ કરવામાં આવી છે ? – દિલ્હી

19. કયા રાજ્યએ વધુ બાળકો રાખવા માટે પ્રોત્સાહનોની જાહેરાત કરી છે ? – મિઝોરમ

(મિઝોરમના રમતગમત મંત્રી શ્રી રોબર્ટ રોમાવિયા રોયટે વધુ બાળકો પેદા કરવા અથવા રાખવા માટે રૂ. 1 લાખના પ્રોત્સાહનની જાહેરાત કરી છે. તેઓએ જણાવ્યું હતું કે આ જાહેરાતની ઘોષણા એટલા માટે કરવામાં આવી છે કે ત્યાં વંધ્યત્વ દરમાં વધારો થયો છે.)

20. ભારતની કઈ કંપનીએ 'બ્રિક્સ ગ્રીન હાઈડ્રોજન સમિટ'નું આયોજન કર્યુ હતું ? –NTPC

(ભારતની સૌથી ઉર્જા સંકલિત કંપની NTPC લિમિટેડ દ્વારા બે દિવસીય બ્રિક્સ ગ્રીન હાઈડ્રોજન સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટમાં બ્રિક્સ દેશોએ નવીનતમ વિકાસ પર તેમના મંતવ્યો શેર કર્યા હતા.)

21. મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસ 2021ના અનુમાન અનુસાર ભારતનો વિકાસ દર 2021 માટે કેટલો રહેશે ? – 9.6%

(મૂડીઝે ભારતનો વિકાસ દર અગાઉના 13.9 થી ઘટાડીને 9.6 કર્યો છે. તથા આ રિપોર્ટ મુજબ વર્ષ 2022 નો વિકાસ દર 7% સુધી મર્યાદિત રહેશે)

22. પાકિસ્તાન ક્રિકેટ ટીમના બેટિંગ કોચ પદ પરથી કોણે રાજીનામું આપ્યું છે ? – યુનુસ ખાન

23. ટોકયો ઓલિમ્પિકમાં ભારતીય પુરુષ હોકિ ટીમના કેપ્ટન તરીકે કોનું નામ જાહેર કરવામાં આવ્યું છે ? – શ્રી મનપ્રિત સિંઘ

24. કઈ ભારતીય હવાઈ મથકે એરપોર્ટ સેવાની ગુણવતા માટે એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલના ડાયરેક્ટર જનરલનો 'રોલ ઓફ એક્સેલન્સ એવોર્ડ' જીત્યો છે ? – કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ

25. કયા દેશે વિશ્વની પ્રથમ વિશિષ્ટ 'હાઈ સ્પીડ રેલ્વે માટે ગ્રીન રેટિંગ' શરૂ કરી છે ? – ભારત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

26. તાજેતરના એક અભ્યાસ મુજબ વિશ્વમાં સૌથી વધુ જાતિના પતંગિયા કયા દેશમાં જોવા મળે છે ? – કોલંબિયા

27. 'Center for Research on Start-ups and Risk Financing' કોણે શરૂ કર્યુ છે ? – IIT મદ્રાસ

28. તાજેતરમાં કઈ સંસ્થાએ 'e-PGS' નામનું એક આઈટી પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે ? – LIC

29. સંયુક્ત રાષ્ટ્રએ ISRO અને અમેરિકાના NOAAની કઈ યોજનાનું સમર્થન કર્યુ છે ? – CEOS COAST

(તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રએ એક બહુરાષ્ટ્રીય યોજનાનું સમર્થન કર્યુ છે. આ યોજનાનું નામ 'Committee on Earth Observation Satellites Coastal Observations, Application, Servicws and Tools' (CEOS COAST) છે. CEOS COAST કાર્યક્રમનું નેતૃત્વ ઈસરો અને અમેરિકાના NOAA એ કર્યુ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ ઉપગ્રહ અને જમીન આધારિત આવલોકનોના આધાર પર દરિયાકાંઠાના ડેટાની ચોકસાઈમાં સુધારો કરવાનો છે.)

30. તાજેતરમાં ભારત અને ફીજી દેશ વચ્ચે કયા ક્ષેત્રના સહયોગ માટે એક MOU પર હસ્તાક્ષર થયા છે ? – કૃષિ

31. તાજેતરમાં રાજસ્થાનના આબોહવા કાર્યકર શ્રી શ્યામ સુંદર જ્યાનીને તેમનો પર્યાવરણીય સંરક્ષણ ખ્યાલ 'કુટુંબ વનીકરણ' માટે સંયુક્ત રાષ્ટ્રનો કયો પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો છે ? – લેન્ડ ફોર લાઈફ

32. તાજેતરમાં એન્ટાર્કટિક સંધિની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી ? – 60મી

33. તાજેતરમાં અમદાવાદમાં 'વૈષ્ણોદેવી ફ્લાયઓવર અને ખોડિયાર કન્ટેનર ફલાયઓવર'નું લોકાપર્ણ કોણે કર્યુ છે ?

– કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ

(કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નિતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ ગાંધીનગરને જોડતા સરખેજ–ગાંધીનગર હાઈવે પરના ફ્લાયઓવર અને ખોડિયાર કન્ટેનર ફ્લાયઓવરનું લોકાપર્ણ કર્યુ હતું.)

34. ટોકિયો 2020 ની ભારતીય ઓલિમ્પિક ટીમના સત્તાવાર ગીતના સંગીતકાર કોણ છે ? – શ્રી મોહિત ચૌહાણ

(કેન્દ્રીય રમત–ગમત મંત્રીશ્રી કિરન રિજ્જુએ ટોકિયો 2020ની ભારતીય ઓલિમ્પિક ટીમના સત્તાવાર ગીતનો પ્રાંરભ કર્યો છે. 'તુ થાન લે' ગીત શ્રી મોહિત ચૌહાણે ગાયું છે.)

35. કયો દેશ તિબેટના દૂરસ્થ હિમાલય ક્ષેત્રમાં પ્રથમ ઈલેક્ટ્રિક ટ્રેન ચલાવશે ? – ચીન

36. રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમ (NSDC)એ કોની સાથે મળી પોતાનો ડિજિટલ કૌશલ ચેમ્પિયન પ્રોગ્રામ લોન્ચ કર્યો છે. ?

– વોટ્સએપ

37. મિઝોરમે તેની આરોગ્ય સિસ્ટમ મજબૂત બનાવવાના પ્રોજેક્ટ માટે કોની સાથે 32 મિલિયન ડોલરના કરાર પર હસ્તાક્ષર થયા છે ? – વર્લ્ડ બેંક

38. 24 જૂન, 2021ના રોજ ભારતના કયા રાજ્યએ 'સ્ટુડન્ટ ક્રેડિટ યોજના'ને મંજૂરી આપી છે ? – પ.બંગાળ

39. 'UN વર્લ્ડ ડ્રગ રિપોર્ટ 2021' અનુસાર વર્ષ 2020માં વિશ્વવ્યાપી ______ લોકોએ ડ્રગ્સનો ઉપયોગ કર્યો હતો.

– 275 મિલિયન

40. Twitter 'ટિપ ઝાર' ફીચર માટે કોની સાથે જોડાણ કર્યુ છે ? – RazorPay

41. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ટાકોથન– 2021ના સંબોધન દરમિયાન 'ટોયારોકમી' પર ધ્યાન કેન્દ્રીત કરવાનું કહ્યું હતું. તે શું છે ? – રમકડા અને રમતોના ઉદ્યોગો

(આ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન શ્રી નેરન્દ્રભાઈ મોદીએ ટોયરોકોમી એટલે કે ભારતીય અર્થવ્યવસ્થામાં રમકડા અને રમતોના ઉદ્યોગના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.)

42. બિલ ગેટ્સ અને મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનના ટ્રસ્ટી પદેથી કોણે તાજેતરમાં રાજીનામુ આપ્યું છે ? – વોરન બફેટ

43. વૈશ્વિક રેટિંગ S&Pએ નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતનો વિકાસદર 11% થી ઘટાડીને _____ કર્યો છે.– 9.5%

44. દિલ્હી સ્પોર્ટ્સ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી કર્ણમ મલ્લેશ્વરી

45. સેન્ટ્રલ યૂરોપિયન યુનિવર્સિટી (CEU)નો પ્રતિષ્ઠિત 'ઓપન સોસાયટી પુરસ્કાર– 2021' કેરળના કયા મંત્રીને આપવામાં આવ્યો છે ? – સુશ્રી કે.કે શૈલજા

(તાજેતરમાં કેરળના પૂર્વ આરોગ્ય મંત્રી સુશ્રી કે. કે શૈલજાને સેન્ટ્રલ યુરોપિયન યુનિવર્સિટીનો પ્રતિષ્ઠિત 'ઓપન સોસાયટી એવોર્ડ– 2021' એનાયત કરવામાં આવ્યો છે. કોવિડ-19 મહામારીમાં મજબૂત નેતૃત્વ કરવા બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

46. તાજેતરમાં કોણે 'itat e-dwar' નામનું ઈન્કમટેક્સ અપીલેટ ટ્રિબ્યુનલ (ITAT) નું ઈ–ફાઈલિંગ પોર્ટલ લોન્ચ કર્યુ છે ?

– શ્રી રવિશંકર પ્રસાદ

47. કયા દેશે તાજેતરમાં ભારત સાથે 'ISA FA' પર હસ્તાક્ષર કર્યા છે ? – ડેનમાર્ક

(ISA FA નું પૂરું નામ 'International Solar Alliance Framework Agreement' છે.)

48. 'સ્માર્ટ સિટી મિશન' AMRUT અને PMAY-U મિશનોના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – 6

49. તાજેતરમાં ભારતના કયા મંત્રીએ યુ.એસ–ભારત સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમ દ્વારા આયોજિત 'ગ્લોબલ ઈન્વેસ્ટર્સ રાઉન્ડટેબલ'ને સંબોધન કર્યુ હતું ? – સુશ્રી નિર્મલા સિતારામન

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT